રજુ તા : ૨૬–૦૭–૨૦૧૯

દાખલ તા : ૨૬–૦૭–૨૦૧૯

ફેંસલ તા : **૩૦–૦૭–૨૦૨૬**

અવધિ : વર્ષ માસ દિવસ
૦૭ ૦૦ ૦૪

**બોટાદ જીલ્લા અદાલતના મહેરબાન સત્ર ન્યાયાધીશ સાહેદશ્રીની કોર્ટમાં.**

**સેશન્સ કેસ નં. ૨૬/૨૦૧૯**

**આંક– ૨૦૭**

**ફરીયાદીઃ–** **શ્રી સરકાર.**

વિરૂધ્ધ

**આરોપીઓઃ–**

**૧. હંસાબેન વા/ઓ ભકુભાઈ લીંબાભાઈ તાવીયા, ઉ.વ.૪૫**

**૨. લાભુબેન વા/ઓ હરજીભાઈ તળશીભાઈ તાવીયા, ઉ.વ.૪૫**

**૩. ભાવુબેન વા/ઓ માવજીભાઈ લાખાભાઈ તાવીયા, ઉ.વ.૪૭**

**૪. ચંપાબેન વા/ઓ માવજીભાઈ નારણ ભાઈ તાવીયા, ઉ.વ.૫૦**

**૫. કૈલાસબેન વા/ઓ ભકુભાઈ કલ્યાણભાઈ તાવીયા, ઉ.વ.૪૫**

**૬. હંસાબેન વા/ઓ હનુભાઈ જેસાભાઈ તાવીયા, ઉ.વ.૫૦**

**૭. શોભાબેન વા/ઓ નાથાભાઈ લખમણભાઈ તાવીયા, ઉ.વ.૪૫**

**૮. વર્ષાબેન વા/ઓ ભલાભાઈ તળશીભાઈ તાવીયા, ઉ.વ.૪૫**

૯. સોનલબેન વા/ઓ ગોબરભાઈ તળશીભાઈ તાવીયા, ઉ.વ.૫૦

૧૦. જીતુબેન વા/ઓ ભુપતભાઈ તળશીભાઈ તાવીયા, ઉ.વ.૫૦

૧૧. વિલાસબેન વા/ઓ રમેશભાઈ ભાકાભાઈ તાવીયા, ઉ.વ.૪૦

૧૨. વર્ષાબેન વા/ઓ માધાભાઈ કલ્યાણભાઈ તાવીયા, ઉ.વ.૪૦

૧૩. હંસાબેન વા/ઓ ડાયાભાઈ નારણભાઈ તાવીયા, ઉ.વ.૪૫

૧૪. જોશનાબેન વા/ઓ જયેશભાઈ હરજીભાઈ તાવીયા, ઉ.વ.૨૫

૧૫. સવિતાબેન ઉર્ફે સવુબેન વા/ઓ ભીખાભાઈ કડવાભાઈ તાવીયા, ઉ.વ.૫૫

૧૬. કંચનબેન વા/ઓ બુધાભાઈ ભીખાભાઈ તાવીયા, ઉ.પ.૩૩

૧૭. વિજુબેન વા/ઓ વિઠ્ઠલભાઈ લઘરાભાઈ વેલાણી, ઉ.વ.૪૧

૧૮. ડાયાભાઈ નારણભાઈ તાવીયા, ઉ.વ.૫૦

૧૯. દિનેશભાઈ ડાયાભાઈ તાવીયા, ઉ.વ.૨૭

૨૦. મહેશભાઈ ઉર્ફે મનીષ ડાયાભાઈ તાવીયા, ઉ.વ.૨૬

૨૧. દેવરાજભાઈ માવજીભાઈ તાવીયા, ઉ.વ.૨૭

૨૨. ગીતાબેન વા/ઓ ભોપાભાઈ લખમણભાઈ તાવીયા, ઉ.વ.૫૧

૨૩. રાધાબેન વા/ઓ ધીરુભાઈ જેસાભાઈ તાવીયા, ઉ.વ.૫૮

૨૪. વાલીબેન વા/ઓ ઝુંઝાભાઈ જેસાભાઈ તાવીયા, ઉ.વ.૫૫

૨૫. મંજુબેન વા/ઓ લાલાભાઈ પરશોતમભાઈ જતાપરા, ઉ.વ.૫૬

૨૬. શાંતુબેન વા/ઓ લાખાભાઈ કરશનભાઈ તાવીયા, ઉ.વ. ૭૦ (એબેટ)

૨૭. સોનાબેન વા/ઓ ગોરધનભાઈ કેશુભાઈ તાવીયા, ઉ.વ.૮૧

૨૮. લાભુબેન વા/ઓ સોમાભાઈ છગનભાઈ તાવીયા, ઉ.વ.૭૦

૨૯. હંસાબેન વા/ઓ વલકુભાઈ ઉર્ફે વલ્લભભાઈ પરશોતમભાઈ જતાપરા, ઉ.વ.૫૦

૩૦. લાભુબેન વા/ઓ આંબાભાઈ તળશીભાઈ તાવીયા, ઉ.વ.૪૩

૩૧. હેતલબેન વા/ઓ દિનેશભાઈ ડાયાભાઈ તાવીયા, ઉ.વ.૨૬

૩૨. ગોવિંદભાઈ ઉર્ફે મુળુભાઈ ઉર્ફે મુન્નાભાઈ લખમણભાઈ તાવીયા, ઉ.વ.૪૧

૩૩. ભરતભાઈ ઉર્ફે ફાડ ગોવિંદભાઈ સરવૈયા, ઉ.વ.૩૮

૩૪. લાલજીભાઈ ઉર્ફે લાલો ભાણજીભાઈ સીસા, ઉ.વ. ૩૮

૩૫. અશોકભાઈ શંભુભાઈ તાવીયા, ઉ.વ.૪૧

૩૬. પ્રવિણભાઈ જીણાભાઈ કટારીયા, ઉ.વ.૫૧

૩૭. ભરતભાઈ જેસાભાઈ તાવીયા, ઉ.વ.૩૫

૩૮. અનકભાઈ માવજીભાઈ તાવીયા, ઉ.વ.૨૭

૩૯. ભલાભાઈ તળશીભાઈ તાવીયા, ઉ.વ.૪૫

૪૦. વનરાજ ઉર્ફે વનાભાઈ ગોબરભાઈ તાવીયા, ઉ.વ.૩૦

૪૧. ભુપતભાઈ લાખાભાઈ તાવીયા, ઉ.વ.૪૮

૪૨. ભાવેશ ઉર્ફે ભાવો ભલાભાઈ તાવીયા, ઉ.વ.૨૩

૪૩. પ્રકાશ ઉર્ફે પકો ઝુંઝાભાઈ તાવીયા, ઉ.વ.૨૭

૪૪. મહેશભાઈ ઝુંઝાભાઈ તાવીયા, ઉ.વ.૩૦

૪૫. માવજીભાઈ લાખાભાઈ તાવીયા, ઉ.વ.૫૩

રહે તમામ–કેરાળા ગામ, તા.ગઢડા, જી.બોટાદ

**ગુનોઃ–** ઇ.પી.કો.કલમ–૩૦૭,૩૨૩, ૩૩૭, ૪૩૬, ૪૪૯, ૪૫૦, ૫૦૪,૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી) તથા જી.પી.એકટની કલમ–૧૩૫

**ફરીયાદપક્ષ તરફે – વિદ્વાન એ.પી.પી.શ્રી કે.એમ.મકવાણા.**

**આરોપી તરફે –વિદ્વાન વકીલ શ્રી એ.એસ.મેટાલીયા.**

**–: ચુકાદો :–**

**૧.** આરોપીઓ સેશન્સ કેસ નંબર–૨૧/૨૦૧૯ ની ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. તેઓની વિરુધ્ધ ઈ.પી.કો. કલમ– ૩૦૭,૩૨૩, ૩૩૭, ૪૩૬, ૪૪૯, ૪૫૦, ૫૦૪,૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુના સબબ આંક–૪૬ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

૨. <u>ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત નીચે મુજબ છેઃ</u>

શીવકુભાઈ મુળુભાઈ ખાચર તા. ૦૯/૧૧/૨૦૧૮ રોજ એ મતલબની ફરીયાદ હકીકત જાહેર કરેલ છે કે, આરોપીઓના કુટુંબી ભાઈ મેરાભાઈ સવશીભાઈ તાવીયા, રહે. કેરાળાવાળાને રાયપર ગામના કાઠી દરબારોએ અગાઉ મારેલ તે રાયપર ગામના કાઠી દરબારોને આ કામના ફરીયાદી શીવકુભાઈ મુળુભાઈ ખાચરે ચડાવી માર મરાવેલ હોવાનુ સમજી તેની દાઝ રાખી, તમામ આરોપીઓએ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અગાઉથી ગુનાહીત કાવતરુ ઘડી, ગેરકાયદેસર મંડળી રચી, એક સંપ થઈ, ધારીયા, કુહાડી, ફરશી, લોખંડની પાઈપ, લાકડી તથા લાકડાના ધોકા જેવા હથીયારો ધારણ કરી, તા.૯/૧૧/૨૦૧૮ ના કલાક–૧૯/૦૦ વાગ્યે કેરાળા ગામે ફરીયાદી શીવકુભાઈ મુળુભાઈ ખાચર તથા તેમના પરીવારને જાનથી મારી નાંખવાના ઈરાદે ફરીયાદીના ઘરમા ગેરકાયદેસર પ્રવેશ કરી ફરીયાદી તથા તેમના પરીવારના સભ્યો ઘરમાં અલગ અલગ જગ્યાએ સંતાઈ જતા તમો તમામ આરોપીઓએ ફરીયાદી તથા તેમના ઘરના સભ્યોને મારી નાંખવાના ઈરાદે

ફરીયાદીના ઘરને સળગાવી હુમલો કરી ફરીયાદી તથા સાહેદોએ ઘરની બહાર નીકળવાનો પ્રયત્ન કરતા તમામ આરોપીઓએ ફરીયાદી તથા સાહેદો ઉપર છુટા પથ્થરના ઘા કરી ફરીયાદીના ઘરને નુકશાન કરેલ, દરમ્યાન સાહેદ જયવંતભાઈ ઉર્ફે જયલુભાઈ આવી જતા ફરીયાદી તથા સાહેદોએ ઘરની બહાર નીકળવાનો પ્રયત્ન કરતા આરોપી નં.૧૮ ડાયાભાઈ નારણભાઈ તાવીયાએ લોખંડના પાઈપથી ફરીયાદી શીવકુભાઈના માથામા ઘા મારી ગંભીર ઈજા પહોંચાડેલ તથા આરોપીઓ હેતલબેન, દેવરાજભાઈ, મહેશભાઈ, વિલાસબેન તથા વર્ષાબેનનાઓએ બાજુમા આવેલ ઘરમાથી છુટા પથ્થરો તથા ઈંટોના ઘા કરી સાહેદ હીરકુબેનને શરીરે મુંઢ ઈજાઓ કરી, ફરીયાદી શીવકુભાઈ તથા સાહેદને જેમ ફાવે તેમ ભુંડા બોલી ગાળો બોલી, ફરીયાદીના ઘરને આગ લગાવી તથા ફોર વ્હીલ ગાડી, ઘર વિગેરેને હથીયારો તેમજ છુટા પથ્થરોથી નુકશાન કરેલ અને તે રીતે તમામ આરોપીઓએ ફરીયાદી શીવકુભાઈ તથા તેમના પરીવારના સભ્યોનુ ખૂન કરવાની કોશીષ કરી,તમામ આરોપીઓ વિરુદ્ધ ધોરણસર થવા ફરિયાદ આપેલ હોવાનું જણાવેલ છે.

**3.** સંબંધે ફરિયાદી શીવકુભાઈ મુળુભાઈ ખાચરએ આ ગુના અંગેની પ્રથમ બાતમી આપતા ગઢડા પોલીસે આરોપીઓ સામે પાર્ટ–એ ગુના રજિસ્ટર નં.૬૧/૧૮ થી ગુનો દાખલ કરી, ગુનાની તપાસ કરનાર પોલીસ અધિકારીએ તપાસ કરી, પુરાવો એકત્ર કરી તપાસના અંતે આરોપીઓ વિરુદ્ધ બોટાદના વિદ્વાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં ઈ.પી.કો. કલમ–૩૦૭,૩૨૩, ૩૩૭, ૪૩૬, ૪૪૯, ૪૫૦, ૫૦૪,૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુના અંગે ચાર્જશીટ રજૂ કરતા ફોજદારી કેસ નં.૨૮૧/૨૦૧૯ થી રજિસ્ટરે લેવાયેલ અને આરોપીઓને આ તમામ ગુના સંબંધે સમન્સ કરતા આરોપીઓ હાજર થયેલ, ત્યારબાદ આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપ્યા બાદ આરોપીઓ વિરુદ્ધની ટ્રાયલ ચલાવવાની હકુમત સેશન્સ કોર્ટ, બોટાદને હોવાથી બોટાદના વિદ્વાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ ક્રિમિનલ પ્રોસીજર

કોડની કલમ–૨૦૯ અનુસાર આ કેસ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ, બોટાદને કમિટ કરતા તે સેશન્સ કેસ નંબર–૨૬/૨૦૧૯ થી નોંધવામાં આવેલ અને આ અદાલત સમક્ષ આગળની ન્યાયિક કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. કેસની ન્યાયિક કાર્યવાહી દરમિયાન આરોપીઓ હાજર થતા વિદ્વાન પ્રિસાઈડિંગ ઓફિસરશ્રીએ આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપ્યાની ખાતરી કર્યા બાદ આરોપીઓ વિરુદ્ધ આંક–૪૬ થી તહોમતનામું ફરમાવી, તે આરોપીઓને વાંચી સંભળાવતા અને આરોપીના આંક–૪૭ થી ૯૦ મુજબ નિવેદન લેતા આરોપીઓએ ગુનો કર્યાનો ઇનકાર કરતા સદર કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૪.** ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધના ગુના પુરવાર કરવા માટે નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

## –: મૌખિક પુરાવો :–

| **અનુક્રમ નંબર** | **સાહેદનું નામ** | **વિગત** | **આંક** |
|---|---|---|---|
| ૧. | ડો. અખિલેશકુમારસીંઘ રામપતસિંઘ | મેડીકલ ઓફીસર | ૯૪ |
| ૨. | નિખીલભાઈ દિનેશભાઈ પરમાર | પંચસાહેદ | ૯૯ |
| ૩. | મનોજભાઈ ત્રિકમભાઈ ધમલ | પંચસાહેદ | ૧૧૪ |
| ૪. | વિજયસિંહ દિલાવરસિંહ રાઠોડ | પંચસાહેદ | ૧૧૬ |
| ૫. | જીગ્નેશભાઈ જયંતિભાઈ કાકડીયા | પંચસાહેદ | ૧૨૦ |
| ૬. | લાખાભાઈ જટુભાઈ સાડમીયા | પંચસાહેદ | ૧૨૨ |
| ૭. | વિનુભાઈ રામાભાઈ ચાવડા | પંચસાહેદ | ૧૨૫ |
| ૮. | મહેશભાઈ કનુભાઈ પાડવા | પંચસાહેદ | ૧૨૬ |
| ૯. | વશરામભાઈ વાલજીભાઈ ચૌહાણ | પંચસાહેદ | ૧૩૦ |
| ૧૦. | કાળુભાઈ પોપટભાઈ ડેકાણી | પંચસાહેદ | ૧૪૨ |
| ૧૧. | નવસાદભાઈ મહેબુબભાઈ ભટ્ટી | પંચસાહેદ | ૧૪૪ |

| અનુક્રમ નંબર | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧૨. | રઝાકભાઈ હુસેનભાઈ ચૌહાણ | પંચસાહેદ | ૧૫૯ |
| ૧૩. | શીવકુભાઈ મુળુભાઈ ખાચર | ફરીયાદી | ૧૬૪ |
| ૧૪. | મહેન્દ્રભાઈ શીવકુભાઈ ખાચર | સાહેદ | ૧૭૫ |
| ૧૫. | રવિરાજભાઈ શીવકુભાઈ ખાચર | સાહેદ | ૧૭૮ |
| ૧૬. | હિરાગર રતનગીરી ગૌસ્વામી | તપાસનીશ અધિકારી | ૧૮૦ |

## –:દસ્તાવેજી પુરાવાઃ–

| ક્રમ | આંક | દસ્તાવેજી વિગત |
|---|---|---|
| ૧ | ૯૫ | ફરિયાદી શિવકુભાઈનું મેડિકલ સર્ટિફિકેટ |
| ૨ | ૯૬ | આરોપી ડાહ્યાભાઈનું બ્લડ સેમ્પલ લેવા બાબતે ઇન્ચાર્જ પી.આઈ. ગઢડા પોલીસ સ્ટેશનનાઓએ મેડિકલ ઓફિસર, સી.એચ.સી. ગઢડાને લખેલી યાદી |
| ૩ | ૯૭ | ફરિયાદી શિવકુભાઈનું બ્લડ સેમ્પલ લેવા બાબતે ઇન્ચાર્જ પી.આઈ. ગઢડા પોલીસ સ્ટેશનનાઓએ મેડિકલ ઓફિસર, સી.એચ.સી. ગઢડાને લખેલી યાદી |
| ૪ | ૧૦૦ | આરોપી હંસાબેન ડાહ્યાભાઈ, હંસાબેન હકુભાઈ, ભાનુબેન માવજીભાઈ, ચંપાબેન માવજીભાઈ, કૈલાશબેન હકુભાઈ, હંસાબેન હનુભાઈ, શોભાબેન નાથાભાઈ, વર્ષાબેન ભલાભાઈ, સોનલબેન ગબરભાઈ, જીતુબેન ભૂપતભાઈ, વિલાસબેન માધાભાઈ, લાભુબેન હરજીભાઈ, જ્યોત્સનાબેન રાજેશભાઈ, સવિતાબેન ભીખાભાઈ, કાંચનબેન બુધાભાઈ, વિજુબેન વિઠ્ઠલભાઈનાઓને અટક કરી મુદ્દામાલ હથિયારો કબજે કર્યાનું પંચનામું |
| ૫ | ૧૦૧ | પંચોની સહીવાળી પંચ સ્લીપો |

| ક્રમ | આંક | દસ્તાવેજી વિગત |
|---|---|---|
| | થી<br>૧૧૩ | |
| ૬ | ૧૧૭ | આરોપી ડાહ્યાભાઈ નારણભાઈ, દિનેશભાઈ ડાહ્યાભાઈ, મહેશભાઈ ડાહ્યાભાઈ, દેવરાજભાઈ માવજીભાઈને અટક કરી મુદ્દામાલ હથિયારો કબજે કર્યાનું પંચનામું |
| ૭ | ૧૧૮<br>૧૧૯ | પંચોની સહીવાળી પંચ સ્લીપો |
| ૮ | ૧૨૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૯ | ૧૨૭ | ફરિયાદી શિવકુભાઈએ બનાવ સમયે પહેરેલ કપડાં કબજે કર્યાનું પંચનામું |
| ૧૦ | ૧૨૮ | આરોપી ડાહ્યાભાઈ તથા ફરિયાદી શિવકુભાઈનું બ્લડ સેમ્પલ કબજે કર્યાનું પંચનામું |
| ૧૧ | ૧૩૧ | આરોપી ગીતાબેન ભોપાભાઈ, રાધાબેન ધીરુભાઈ, વાલીબેન ઝુંઝાભાઈ, મંજુબેન લાલાભાઈ, શાંતૂબેન લાખાભાઈ, સોનાબેન ગોધાભાઈ, લાભુબેન સોમાભાઈ, હંસાબેન વલકુભાઈ, લાભુબેન આંબાભાઈ, હેતલબેન દિનેશભાઈને અટક કરી મુદ્દામાલ હથિયારો કબજે કર્યાનું પંચનામું |
| ૧૨ | ૧૩૨<br>થી<br>૧૪૦ | પંચોની સહીવાળી પંચ સ્લીપો |
| ૧૩ | ૧૪૫ | આરોપી ગોવિંદભાઈ, ભરતભાઈ ગોવિંદભાઈ, લાલજીભાઈ ભાણજીભાઈ, અશોકભાઈ શંભુભાઈ, પ્રવીણભાઈ ઝીણાભાઈ, ભરતભાઈ જેસાભાઈ, |

| ક્રમ | આંક | દસ્તાવેજી વિગત |
|---|---|---|
| | | અનિલભાઈ માવજીભાઈ, ભલાભાઈ તળશીભાઈ, વનરાજભાઈ ગબરભાઈ, ભૂપતભાઈ લાખાભાઈ, ભાવેશભાઈ ભલાભાઈ, પ્રકાશભાઈ ઝુંઝાભાઈ, મહેશભાઈ ઝુંઝાભાઈ, માવજીભાઈ લાખાભાઈને અટક કરી મુદ્ધામાલ હથિયારો કબજે કર્યાનું પંચનામું |
| ૧૪ | ૧૪૬ થી ૧૫૮ | પંચોની સહીવાળી પંચ સ્લીપો |
| ૧૫ | ૧૬૫ | તારીખ ૦૯/૧૧/૨૦૧૮ ના રોજની અસલ ફરિયાદ |
| ૧૬ | ૧૮૧ | સૂચિપત્ર |
| ૧૭ | ૧૮૨ | તપાસ સંભાળવા બાબતની પોલીસ યાદી |
| ૧૮ | ૧૮૩ | લોકલ એફ.એસ.એલ. અધિકારીનો સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૧૯ | ૧૮૪ | હથિયારબંધીના જાહેરનામાની નકલ |
| ૨૦ | ૧૮૫ ૧૮૬ ૧૮૭ | આરોપી અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા બાબતની પોલીસ યાદી |
| ૨૧ | ૧૮૮ | ગુનાવાળી જગ્યાનો નકશો મળવા બાબતે ઇન્ચાર્જ પી.આઈ. ગઢડા પોલીસ સ્ટેશનનાઓએ સર્કલ ઓફિસર, ગઢડાને લખેલી યાદી |
| ૨૨ | ૧૮૯ | સર્કલ ઓફિસર ગઢડાનાઓના ફોરવર્ડિંગ લેટર સાથેનો બનાવવાળી જગ્યાનો નકશો |
| ૨૩ | ૧૯૦ | મુદ્ધામાલ સંભાળી પહોંચ પાઠવવા બાબતે પી.આઈ. |

| ક્રમ | આંક | દસ્તાવેજી વિગત |
|---|---|---|
| | | ગઢડા પોલીસ સ્ટેશનનાઓએ એફ.એસ.એલ. જૂનાગઢને લખેલી યાદી |
| ૨૪ | ૧૯૧<br>૧૯૨ | મુદ્ધામાલ એફ.એસ.એલ.ને મળ્યા બાબતની પહોંચ |
| ૨૫ | ૧૯૩ | એફ.એસ.એલ. જૂનાગઢના ફોરવર્ડિંગ લેટર સાથેનો મુદ્ધામાલ પરીક્ષણ અહેવાલ |
| ૨૬ | ૧૯૪ | એફ.એસ.એલ. જૂનાગઢના ફોરવર્ડિંગ લેટર સાથેનો બાયોલોજી તેમજ સીરોલોજી પરીક્ષણ અહેવાલ |
| ૨૭ | ૧૯૫ | કલોઝીંગ પુરસીસ |

**૫.** ઉપરોક્ત વિગતે ફરીયાદપક્ષ તરફથી મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા બાદ ફરીયાદપક્ષ તરફે પુરાવો પુરો થયા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન લેતાં તેઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી, તેમજ આરોપીએ બચાવના કોઇ સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે.વિશેષમાં તેઓ વિરુધ્ધ ખોટી ફરીયાદ કરેલ હોવાનું, તેઓએ કોઈ ગુનો કરેલ ન હોવાનું, તેઓ વિરુધ્ધ ખોટા પુરાવા એકત્રીત કરી, ખોટુ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ હોય, તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાં અરજ કરેલ છે.

**૫.૧** સદર કેસની ન્યાયીક કાર્યવાહી દરમ્યાન આ કામના આરોપી નં. ૨૬ શાંતુબેન વા/ઓ લાખાભાઈ કરશનભાઈ તાવીયાનુ અવસાન થયેલ છે જેથી સદર આરોપી નં.૨૬ શાતુબેન પુરતી આ કેસની ન્યાયિક કાર્યવાહી એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે અને અન્ય આરોપીઓ વિરુધ્ધની સદર કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૬.** આ કામે ફરિયાદ પક્ષે વિ.પી.પી. શ્રી કે.એમ. મકવાણાની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે, જ્યારે આરોપી પક્ષે વિ.વ. શ્રી એ.એસ.મેટાલીયા દ્વારા મૌખિક દલીલો સાંભળ્યા બાદ પક્ષકારો તરફથી રજૂ થયેલ દલીલોની ચર્ચા પુનરાવર્તન ટાળવાના હેતુથી જે–તે મુદ્દાની ચર્ચા સાથે કરવાનું ઠરાવું છું.

**૭. આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે :**

(૧) **શું** ફરિયાદ પક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આરોપીઓના કુટુંબી ભાઈ મેરાભાઈ સવશીભાઈ તાવીયાને રાયપર ગામના કાઠી દરબારોએ અગાઉ મારેલ, જે રાયપરના કાઠી દરબારોને આ કામના ફરિયાદી શીવકુભાઈ મુળુભાઈ ખાચરે ચડાવીને માર મરાવેલ હોવાની દાઝ રાખી, તમામ આરોપીઓએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા અગાઉથી ગુનાહિત કાવતરું ઘડી, ગેરકાયદેસર મંડળી રચી, એકસંપ થઈ, ઘાતક હથિયારો ધારણ કરી, તા.૦૯/૧૧/૨૦૧૮ ના રોજ કલાક ૧૯/૦૦ વાગ્યે કેરાળા ગામે ફરિયાદીના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી, ફરિયાદી તથા સાહેદોને જાનથી મારી નાંખવાના ઈરાદે ઘરને સળગાવી, ફરિયાદી શીવકુભાઈને માથામાં લોખંડની પાઈપનો ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી, સાહેદ હીરકુબેન પર ઈંટો–પથ્થરોના ઘા કરી મૂઢ ઈજાઓ પહોંચાડી, ઘર તથા ફોર–વ્હીલ ગાડીને પથ્થરો અને હથિયારોથી તોડફોડ કરી નુકસાન પહોંચાડી, ફરિયાદી તથા પરિવારના સભ્યોનું ખૂન કરવાની કોશિશ કરી ઈ.પી.કો. કલમ–૩૦૭, ૩૨૩, ૩૩૭, ૪૩૬, ૪૪૯,૪૫૦, ૧૨૦–બી સાથે વાંચતા કલમ ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) **શું** ફરિયાદ પક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, ઉક્ત તારીખ, સમય અને સ્થળે તમામ આરોપીઓએ ફરિયાદી શીવકુભાઈ તથા સાહેદોને ઉશ્કેરવાના તથા લોકશાંતિનો ભંગ કરાવવાના ઈરાદાથી જેમ ફાવે તેમ ભૂંડા બોલી ગાળો આપી

ઈ.પી.કો. કલમ–૫૦૪ સાથે વાંચતા કલમ ૧૪૩,૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૩) **શું** ફરિયાદ પક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે,બનાવ તારીખે, સમયે અને સ્થળે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનું હથિયારબંધી અંગેનું જાહેરનામું અમલમાં હોવા છતાં, તમામ આરોપીઓએ ધારીયા, કુહાડી, ફરશી, લોખંડની પાઈપ, લાકડીઓ તથા લાકડાના ધોકા જેવા હથિયારો ધારણ કરી, હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી જી.પી. એક્ટ કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૪) **શું** હુકમ?

**૭.૧ ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે :**

**(૧) નકારમાં**

**(૨) નકારમાં**

**(૩) નકારમાં**

**(૪) આખરી હુકમ મુજબ**

૮. બંને પક્ષના વિ.વ.શ્રીઓની દલીલો ધ્યાને રાખતા આ અદાલત સર્વપ્રથમ આરોપીઓ વિરુદ્ધના તહોમતની સાબિતી માટે થઈને ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવો સંક્ષિપ્તમાં ધ્યાનમાં રાખવાનું યોગ્ય માને છે, જે નીચે મુજબ છે.

આ કામે આરોપીઓ સામે તહોમતનામા મુજબના આક્ષેપો પૂરવાર કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા કુલ સોળ (૧૬) સાહેદો તપાસવામાં આવેલ છે તેમજ ૨૭ (સત્તાવીસ) દસ્તાવેજો રજૂ રાખવામાં આવેલ છે.

**ફરિયાદી/ઈજા પામનારનો પુરાવો:**

૯. ફરિયાદ પક્ષ દ્વારા **આંક–૧૬૪** થી ફરિયાદી **શીવકુભાઈ મુળુભાઈ ખાચર**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. ફરિયાદીની સમગ્ર જુબાની ધ્યાને

લેવામાં આવે તો તેઓએ **આંક–૧૬૫** થી રજૂ થયેલ ફરિયાદ હકીકતોને સમર્થનકારી જુબાની આપેલ હોવાનું જણાઈ આવે છે.

**મેડિકલ ઓફિસરશ્રીઓનો પુરાવો:**

**૧૧.** ફરિયાદ પક્ષ દ્વારા **આંક–૯૪** થી સાહેદ **ડો. અખિલેશકુમારસિંઘ રામપતસિંઘ**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ ઈજા પામનાર શીવકુભાઈને સારવાર સર્ટીફીકેટ **આંક–૯૫** થી આપેલ જે આંક–૯૫ ના સર્ટીફીકેટની હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે.

**અન્ય સાહેદોનો પુરાવોઃ**

**૧૨.૧** ફરિયાદ પક્ષ દ્વારા **આંક–૧૭૫** થી સાહેદ **મહેન્દ્રભાઈ શીવકુભાઈ ખાચરને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ બનાવ હકીકતોને સમર્થનકારી જુબાની આપેલ ન હોવાથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

**૧૨.૨** ફરિયાદ પક્ષ દ્વારા **આંક–૧૭૮** થી સાહેદ **રવિરાજભાઈ શીવકુભાઈ ખાચરને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ બનાવ હકીકતોને સમર્થનકારી જુબાની આપેલ ન હોવાથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

**પંચ સાહેદોનો પુરાવો:**

**૧૩.** ફરિયાદ પક્ષ દ્વારા **આંક–૯૯** થી પંચ **નિખીલભાઈ દિનેશભાઈ પરમારને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓના પુરાવામાંથી **આંક–૧૦૦** થી રજુ થયેલ આરોપીઓને અટક કરી મુદામાલ હથિયોરો કબજે કર્યા અંગેની પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય, ફરિયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

**૧૩.૧** ફરિયાદ પક્ષ દ્વારા **આંક–૧૧૪** થી પંચ **મનોજભાઈ ત્રિકમભાઈ ધમલ**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓના પુરાવામાંથી **આંક–૧૦૦** થી રજુ થયેલ આરોપીઓને અટક કરી મુદામાલ હથિયોરો કબજે કર્યા અંગેની પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય, ફરિયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

**૧૩.૨** ફરિયાદ પક્ષ દ્વારા **આંક–૧૧૬** થી પંચ **વિજયસિંહ દિલાવરસિંહ રાઠોડ**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓના પુરાવામાંથી **આંક–૧૧૭** થી રજુ થયેલ આરોપીઓને અટક કરી મુદામાલ હથિયોરો કબજે કર્યા અંગેની પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય, ફરિયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

**૧૩.3** ફરિયાદ પક્ષ દ્વારા **આંક–૧૨૦** થી પંચ **જીગ્નેશભાઈ જયંતિભાઈ કાકડીયા**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓના પુરાવામાંથી **આંક–૧૧૭** થી રજુ થયેલ આરોપીઓને અટક કરી મુદામાલ હથિયોરો કબજે કર્યા અંગેની પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય, ફરિયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

**૧૩.૪** ફરિયાદ પક્ષ દ્વારા **આંક–૧૨૨** થી પંચ **લાખાભાઈ જટુભાઈ સાડમીયા**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓના પુરાવામાંથી **આંક–૧૨૩** થી ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય, ફરિયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

**૧૩.૫** ફરિયાદ પક્ષ દ્વારા **આંક–૧૨૫** થી પંચ **વિનુભાઈ રામભાઈ ચાવડા**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓના પુરાવામાંથી **આંક–૧૨૩** થી ગુનાવાળી

જગ્યાના પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય, ફરિયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

**૧૩.૬** ફરિયાદ પક્ષ દ્વારા **આંક–૧૨૬** થી પંચ **મહેશભાઈ કનુભાઈ પાડવાને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓના પુરાવામાંથી **આંક–૧૨૭** થી રજૂ થયેલ ફરીયાદી શિવકુભાઈએ બનાવ સમયે પહેરેલ કપડાં કબજે કર્યા અંગેના પંચનામાની હકીકતોને સમર્થન પ્રાપ્ત થતું હોવાનું જણાઈ આવે છે.

**૧૩.૭** ફરિયાદ પક્ષ દ્વારા **આંક–૧૩૦** થી પંચ **વશરામભાઈ વાલજીભાઈ ચૌહાણને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓના પુરાવામાંથી **આંક–૧૩૧** થી આરોપીઓને અટક કરી મુદામાલ હથિયોરો કબજે કર્યા અંગેની પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય, ફરિયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

**૧૩.૮** ફરિયાદ પક્ષ દ્વારા **આંક–૧૪૨** થી પંચ **કાળુભાઈ પોપટભાઈ ડેકાણીને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓના પુરાવામાંથી **આંક–૧૩૧** થી આરોપીઓને અટક કરી મુદામાલ હથિયોરો કબજે કર્યા અંગેની પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય, ફરિયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

**૧૩.૯** ફરિયાદ પક્ષ દ્વારા **આંક–૧૪૪** થી પંચ **નવસાદભાઈ મહેબુબભાઈ ભટ્ટીને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓના પુરાવામાંથી **આંક–૧૪૫** થી આરોપીઓને અટક કરી મુદામાલ હથિયોરો કબજે કર્યા અંગેની પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય, ફરિયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

**૧૪.** ફરિયાદ પક્ષ દ્વારા **આંક–૧૫૯** થી પંચ **રઝાકભાઈ હુસૈનભાઈ ચૌહાણને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓના પુરાવામાંથી **આંક–૧૪૫** થી આરોપીઓને અટક કરી મુદામાલ હથિયોરો કબજે કર્યા અંગેની પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય, ફરિયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

**તપાસનીશ અધિકારીશ્રીઓનો પુરાવો:**

**૧૫.** ફરિયાદ પક્ષ દ્વારા **આંક–૧૮૦** થી તપાસનીશ અધિકારી **હિરાગર રતનગીરી ગૌસ્વામી**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર તપાસનીશ અધિકારીશ્રીઓની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ આ ગુનાની સંભાળી તપાસ દરમિયાન જે જે કામગીરી કરેલ તેનો ચિતાર રજૂ કરેલ હોવાનું જણાઈ આવે છે.

**કારણો**

**મુદ્દા નંબર–૧ :**

**૧૬.** આ કામના આરોપીઓ વિરૂદ્ધ ઈ.પી.કો.કલમ–૩૦૭,૩૨૩, ૩૩૭, ૪૩૬, ૪૪૯, ૪૫૦, ૫૦૪,૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે, ત્યારે ઈ.પી.કો.કલમ–૩૦૭ માં કરવામાં આવેલ જોગવાઈઓ તરફ જોવામાં આવે તો, કોઈપણ વ્યક્તિ જ્યારે કોઈ કૃત્ય એવા ઈરાદાથી અથવા તો એવા જ્ઞાન સાથે અને એવા સંજોગોમાં કરે કે, તે કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવે તો ખૂન માટે દોષિત ઠરત અને તેવા કૃત્યથી કોઈને ઈજા થાય તો તે કલમમાં દર્શાવવામાં આવેલ સજા માટે જવાબદાર થાય. જ્યારે કોઈ વ્યક્તિ આજીવન કેદની સજા ભોગવતી હોય ત્યારે તે પ્રમાણેનું કૃત્ય કરી ગુનો કરી વ્યથા કરે તો તે માટે પણ મહત્તમ સજાની જોગવાઈ કરી શકાય તેમ પ્રબંધ કલમમાં કરવામાં આવેલ છે. આ જોગવાઈમાં કૃત્ય કરવા માટે જે પૂર્વ શરતો દર્શાવવામાં આવેલ છે તેમાં તે કૃત્ય ઈરાદાપૂર્વક હોવું જોઈએ તેમજ જો ઈરાદો ન હોય તો તે કૃત્ય એવા જ્ઞાન સાથે હોવું જોઈએ કે તે અને આ બંને સંજોગોમાં

જ્યારે ઈરાદા સાથે કરવામાં આવતું હોય અથવા તો જ્ઞાન સાથે કરવામાં આવતું હોય ત્યારે બંને સાથેના સંજોગોમાં એક સંજોગ કૃત્ય કરવા માટે હોય કે, તે સંજોગોને ધ્યાને લઈ કૃત્ય કરનાર વ્યક્તિને તે કૃત્ય કરવા માટે તે સંજોગોને આધીન જવાબદાર ઠેરવી શકાય. આ કલમની જોગવાઈઓમાં સ્પષ્ટ કરવા માટે તેમજ જોગવાઈને સારી રીતે સમજવા માટે જે દ્રષ્ટાંતો આપવામાં આવેલ છે તે તમામ દ્રષ્ટાંતોને પણ જો ધ્યાને લેવામાં આવે તો પ્રથમ ઈરાદો અને ત્યારબાદ ઈરાદા સાથે કૃત્ય કરવા માટે કયા સંજોગોમાં તે કૃત્ય કરવામાં આવેલ છે તે દર્શાવવામાં આવેલ છે. વધુમાં ઈરાદાપૂર્વક કરવામાં આવેલ કૃત્ય કરવા માટે કયા પ્રકારની માનસિકતા વ્યક્તિની અંદર પ્રવર્તે છે તેવું પણ જણાવવામાં આવેલ છે. વધુમાં કૃત્ય કરતી વખતે પ્રાથમિક તબક્કે ઈરાદાના અનુસંધાને જે કૃત્ય કરવામાં આવે તે માટે જવાબદાર છે કે કેમ અને તે ઈરાદાના પ્રાથમિક કૃત્ય બાદ ઈરાદાના અનુસંધાને ઈરાદો અમલમાં મૂકવામાં આવે છે ત્યારે તે કૃત્ય ગુનામાં રૂપાંતરિત થાય છે કે કેમ તે માટે પણ દ્રષ્ટાંતો આપવામાં આવેલ છે. વધુમાં ઈરાદાના અનુસંધાને અમુક ભાગના કૃત્યો કરવા માટે જવાબદાર ઠેરવી શકાય કે કેમ? અને ત્યારબાદ અમુક ભાગના કૃત્યો કરવા માટે જવાબદાર ઠેરવી શકાય કે કેમ તે માટે પણ દ્રષ્ટાંતો આપવામાં આવેલ છે.

**૧૭.** ઉપરોક્ત મુજબ જોયા બાદ કરવામાં આવેલ જોગવાઈઓ ઉપરથી એવું જણાઈ આવે છે કે, આ સમગ્ર જોગવાઈઓમાં ત્રણ હિસ્સા છે, જેમાં પ્રથમ આજીવન કેદની સજા ભોગવતા ગુનેગાર દ્વારા જ્યારે ગુન્હા સ્વરૂપે કૃત્ય કરવામાં આવે અને તેના કારણે ઈજા થાય. આ કલમની જોગવાઈ તેમજ કલમ–૩૦૦ ની જોગવાઈઓમાં તત્વતઃ કોઈપણ તફાવત નથી. ફક્ત એટલો જ તફાવત છે કે, હાલની જોગવાઈઓમાં ભોગ બનનારનું મૃત્યુ થયેલ હોતું નથી, જ્યારે કલમ–૩૦૦ ની જોગવાઈઓમાં મૃત્યુ થઈ ચૂક્યું હોય છે. આ કલમની જોગવાઈઓમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૫૧૧ માં કરવામાં આવેલ જોગવાઈ કરતાં વિશેષ પ્રબંધ કરવામાં આવેલ છે. કારણકે, આ પ્રકારના કૃત્યને ગંભીર પ્રકારના કૃત્ય તરીકે ગણી લેવામાં આવે છે. આ કલમની જોગવાઈઓમાં પણ અપરાધનું તત્વ

જ્યારે વ્યક્તિના ઈરાદામાં મોજૂદ હોય તેવું પણ જણાઈ આવે છે અને આ પ્રકારની જોગવાઈ એટલા હેતુસર કરવામાં આવેલ છે કે, માત્ર જ્યારે કોઈ ગુન્હો સંપૂર્ણ થતો ન હોય અને તે નિષ્ફળ જાય અને તે કૃત્ય કરવા માટે ઈરાદો અને જ્ઞાનના આધારે કરવામાં આવેલ હોય તો તેવી નિષ્ફળતાના કારણે કોઈ અપવાદરૂપ બની ન શકે, તેથી અમુક પ્રકારની જોગવાઈઓમાં તૈયારીને પણ ગુન્હો ગણી લેવામાં આવે છે. ત્યારબાદ અમુક કૃત્ય કરવામાંથી ગુન્હો સંપૂર્ણપણે બને છે તેવી જોગવાઈ પણ કરવામાં આવેલ છે અને તેથી અમુક સંજોગોમાં વિશિષ્ટ સંજોગોને ધ્યાને રાખી કોઈપણ કૃત્ય ગુન્હા સ્વરૂપે કરવામાં આવે ત્યારે તેને સંપૂર્ણ કરવા માટે કોશિષ કરવામાં આવે ત્યારે પણ તેને ગુન્હો ગણી લેવામાં આવે છે. કારણકે, ગુન્હો આચરતી વખતે તેમાં અપરાધનું તત્વ મોજૂદ હોય છે. આ કલમમાં મહત્વના તત્વો ગુનાહિત ઈરાદો તેમજ ગુનાહિત જ્ઞાન નિશ્ચિત સંજોગો સાથે સમાવેલ હોય છે કે જે નિશ્ચિત સંજોગોને કારણે ઈરાદો પાર પાડવામાં સફળ થાય. તેથી ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ એમ જણાઈ આવે છે કે, જ્યારે કૃત્ય કરતી વખતે કોશિષ કરવામાં આવે ત્યારે ગુન્હો સંપૂર્ણ થવા માટે ઈરાદો થાય તેવું જરૂરી નથી. કોશિષ માટે કોઈપણ ઈરાદો થયેલ ન હોય તો પણ કોશિષ માટેનો ગુન્હો બની શકે. ગુનાહિત ઈરાદો તેમજ ગુનાહિત જ્ઞાનની માત્રા આ કલમમાં પણ તેટલા જ પ્રમાણમાં જરૂરી છે જેટલા માત્ર કલમ–૩૦૦ માં જરૂરી છે. મહત્વની બાબત ઈજા પહોંચાડવા માટેનો ઈરાદો અથવા તો જ્ઞાન છે, તેથી ગુનાહિત ઈરાદો તેમજ ગુનાહિત જ્ઞાન સાથે તેના અનુસંધાને કરવામાં આવેલ કૃત્ય આ કલમનું હાર્દ બને છે. કારણકે, ગુનાહિત સંભાવ્યતા દર્શાવે છે અને તે નિશ્ચિત પરિણામ લાવવા માટે ગણતરીપૂર્વકનું વર્તન પણ કહી શકાય તેમજ ગુનાર્હિત ઈરાદો એવી અવસ્થા દશા વે છે જેમાં કૃત્ય કરનાર વ્યક્તિની સંભાવ્ય પરિણામમાં અપેક્ષા હોય છે અથવા તો જાણ હોય છે, તેમ છતાં તે વ્યક્તિ કૃત્ય કરે છે. ઉપરોક્ત ચર્ચા કરવાથી આ નિષ્કર્ષ નીકળે છે કે, આ કલમ તેમજ કલમ–૩૦૦ માં ફક્ત એટલો તફાવત છે કે, કલમ–૩૦૦ માં મૃત્યુ નિપજી જાય છે, જ્યારે આ કલમમાં મૃત્યુ નિપજતું નથી. આ સાથોસાથ એમ પણ જોવાનું હોય છે કે, માનસિક પ્રક્રિયા તેમજ માનસિક અવસ્થા જોઈ શકાતી

નથી કારણકે, વ્યક્તિની અંદર મનસ–પરસ પર શું ચાલી રહ્યું છે તે જાણવા માટે સમગ્ર પુરાવાને ધ્યાને લઈ માનસિક પ્રક્રિયા અથવા તો માનસિક અવસ્થા નક્કી કરવાની હોય છે અથવા તો નિશ્ચિત કરવાની હોય છે. મહત્વની બાબત ઈરાદાનો પ્રકાર નહીં, તે ગમે તેવો હોય, પરંતુ કેવા હથિયારથી કયા પ્રકારની ઈજા પહોંચાડવાનું ધાર્યું હતું તથા તે ઈજા પહોંચી હોત તો મૃત્યુ નિપજ્યું હોત કે કેમ? અને જો મૃત્યુ નિપજ્યું હોત તો તે સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય કે કેમ? આ પ્રશ્નનો જવાબ જો "હા" માં હોય તો, આ કલમ હેઠળ કોઈપણ ગુન્હો બને. તેથી અંતમાં એમ પણ કહી શકાય કે, આ કલમમાં પણ ઈરાદો, જાણકારી તેમજ જ્ઞાનના તત્વો કલમ–૩૦૦ મુજબ યથાવત રહે છે.

**૧૮.** આ કામે પુરાવાની ચર્ચા કરતા અગાઉ પંચનામાની ગ્રાહ્યતા બાબતે સ્પષ્ટતા કરવાનું જરૂરી જણાય છે, કારણ કે કેટલાક સાહેદો પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય, 'ફરી ગયેલા' જાહેર કરેલા છે, પરંતુ તપાસ કરનાર અમલદારે આ મુજબના પંચનામા લખાવેલ છે તેવું તેમની સોગંદ ઉપરની જુબાનીમાં કબૂલ રાખેલ છે. આ બાબતે પંચનામા તેમજ પંચ સાહેદના પુરાવાની મૂલવણી કરતા અગાઉ સ્પષ્ટતા કરવાનું ઉચિત જણાય છે કે, પંચનામાના પંચ સાહેદ **'ફરી ગયેલા'** જાહેર થવાથી કે પંચનામાની હકીકતને સમર્થન ન આપવાના કારણસર પંચનામું પુરાવામાં ગ્રાહ્ય રાખી આરોપી વિરુદ્ધ ઉપયોગમાં ન લઈ શકાય તેવો કોઈ નિયમ નથી. પંચનામું તે પંચોની હાજરીમાં એટલે કે સ્વતંત્ર સાહેદોની હાજરીમાં કરવું તે ડહાપણનો નિયમ છે, નહીં કે કાયદાનો. આ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટના **૨૦૦૧ ક્રિ.લો.જ. પાન નંબર–૫૦૪ ઉપર પ્રસિદ્ધ થયેલ સ્ટેટ ગવર્નમેન્ટ એન.સી.ટી. ઓફ દિલ્હી વિરુદ્ધ સુનીલના** ચુકાદા ઉપર આધાર રાખેલ છે. સદરહું ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે નીચે મુજબ ઠરાવેલ છે:

"There is no requirement either under Section 27 of the Evidence Act or under Section 161 of the Code of Criminal Procedure, to obtain signature of independent witnesses on the record in

which statement of an accused is written. The legal obligation to call independent and respectable inhabitants of the locality to attend and witness the exercise made by the police is cast on the police officer when searches are made under Chapter VII of the Code. Section 100(5) of the Code requires that such search shall be made in their presence and a list of all things seized in the course of such search and of the places in which they are respectively found, shall be prepared by such officer or other person "and signed by such witnesses". It must be remembered that search is made to find out a thing or document which the searching officer has no prior idea where the thing or document is kept. He prowls for it either on reasonable suspicion or on some guess work that it could possibly be ferreted out in such prowling. It is a stark reality that during searches the team which conducts search would have to meddle with lots of other articles and documents also and in such process many such articles or documents are likely to be displaced or even strewn helter-skelter. The legislative idea in insisting on such searches to be made in the presence of two independent inhabitants of the locality is to ensure the safety of all such articles meddled with and to protect the rights of the persons entitled thereto. But recovery of an object pursuant to the information supplied by an accused in custody is different from the searching endeavour envisaged in Chapter VII of the Code. (Para 18)

"It is an archaic notion that actions of the police officer should be approached with initial distrust. We are aware that such a notion was lavishly entertained during British period and policemen also knew about it. Its hang over persisted during post-independent years but it is time now to start placing at

least initial trust on the actions and the documents made by the police. At any rate, the court cannot start with the presumption that the police records are untrustworthy. As a proposition of law the presumption should be the other way around. That official acts of the police have been regularly performed is a wise principle of presumption and recognised even by the legislature. Hence when a police officer gives evidence in court that a certain article was recovered by him on the strength of the statement made by the accused it is open to the court to believe the version to be correct if it is not otherwise shown to be unreliable. It is for the accused, through cross-examination of witnesses or through any other materials, to show that the evidence of the police officer is either unreliable or at least unsafe to be acted upon in a particular case. If the court has any good reason to suspect the truthfulness of such records of the police the court could certainly take into account the fact that no other independent person was present at the time of recovery. But it is not a legally approvable procedure to presume the police action as unreliable to start with, nor to jettison such action merely for the reason that police did not collect signatures of independent persons in the documents made contemporaneous with such actions. (Para 20)"

નામદાર સુપ્રીમ કોર્ટના ઉપરોક્ત ચુકાદાનો નામદાર ગુજરાત હાઈકોર્ટે **૨૦૧૬(૨) જી.એલ.આર. પાના નં.૧૦૭૦** ઉપર પ્રસિદ્ધ થયેલ ચુકાદામાં પુનરોચ્ચાર કરી તે સિદ્ધાંતને સમર્થન આપેલ છે.

**૧૯.** આમ, ઉપરોક્ત સિદ્ધાંતને આ કેસની હકીકતોના અનુસંધાને ધ્યાને લેવામાં આવે તો સૌ પ્રથમ ફરિયાદીપક્ષ દ્વારા જે હથિયારોથી ફરિયાદી

શિવકુભાઈ ઈજા થયાનું જણાવે છે તે જ હથિયારોથી તેમને ઈજા થયેલ છે કે કેમ? તે જાણવું જરૂરી છે.

**૨૦.** આમ ઉપરોક્ત મુજબની હકીકત કેસના રેકોર્ડ ઉપર તમામ સાહેદોએ જણાવેલ હકીકત ઉપરથી રેકોર્ડ ઉપર આવે છે તેના ઉપરથી હાલના આરોપીઓ વિરૂદ્ધ કરવામાં આવેલ આક્ષેપો જોવામાં આવે તો, જ્યારે ઉપરોક્ત મુજબની હકીકત કેસના રેકોર્ડ ઉપર આવેલ છે અને ફરિયાદીપક્ષ તરફથી આ કામના આરોપીઓ વિરૂદ્ધ જ્યારે ખૂન કરવાની કોશિષ કરવા માટેના આક્ષેપ કરવામાં આવેલ છે તો તે સંજોગોમાં ઉપરોક્ત મુજબની જે હકીકત રેકોર્ડ ઉપર આવેલ છે તે હકીકતને તત્સમયે પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઈ ખૂન કરવાની કોશિષ કરવા માટે જે તત્વોની જરૂરિયાત અને આવશ્યકતા હોય છે તેને જો તપાસવામાં આવે તો, જે નીચે મુજબ છે. આ કામનો પુરાવો જોતા કુલ–૪૫ આરોપીઓ સામે ગુનો દાખલ થયેલ છે અને ફરિયાદીપક્ષના જણાવ્યા મુજબ આ તમામ લોકોએ ગેરકાયદેસર મંડળી રચી અથવા તો કાવતરું રચી ગુનાને અંજામ આપેલ છે અને જ્યારે મોટા ટોળામાં પોતાનો સામાન્ય હેતુ પાર પાડવાના ઈરાદે ઘણા બધા વ્યક્તિઓ ઉપર આક્ષેપ કરવામાં આવેલ હોય ત્યારે આ અદાલતની ફરજ બની જાય છે કે, શું દરેક આરોપીએ ગુનામાં ભાગ ભજવેલ છે અને તેના કારણસર તેઓને ઈ.પી.કો. કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮ અને ૧૪૯ અથવા ૧૨૦–બી હેઠળ સામૂહિક રીતે જવાબદાર ઠેરવી શકાય કે કેમ? આ તબક્કે **નામદાર સુપ્રિમ કોર્ટનો તાજેતરનો જૈનુલ વિરૂદ્ધ બિહાર રાજ્યનો ચુકાદો કે જે ૨૦૨૫ લાઈવ લો (એસ.સી.) પાના નં–૭૯૬ ઉપર પ્રસિદ્ધ થયેલ છે જે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા તા.૦૭/૦૫/૨૦૨૫ ના રોજ જાહેર કરેલ છે જેના ઉપર આધાર રાખું છું.**

સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે સામૂહિક જવાબદારીના કિસ્સામાં અદાલતોએ પુરાવાની છણાવટ કઈ રીતે કરવી તે અંગે માર્ગદર્શક સિદ્ધાંતો આપેલ છે જે નીચે મુજબ છે:

**Penal Code, 1860 – ss.302 and 149 – Prosecution case that PW-20 visited his agricultural field alongwith his brother – The accused nos. 2, 16, 17, and 21 respectively alongwith 400-500 persons were hiding nearby the agricultural field of the PW-20 with weapons – They attacked PW-20 and his brother – PW-20's brother was shot dead – Upon hearing the alarm, the PWs 3, 4, 5, 6, and 10 respectively alongwith one SM accompanied by other villagers reached at the place of occurrence – They were also assaulted by the accused and SM was shot dead – Statement of PW-20 was reduced in form of an FIR – 24 accused persons were put to trial – At the conclusion of the trial, 21 persons stood convicted – Out of the 21 convicts, 19 preferred appeals before the High Court – The High Court upheld the conviction of 12 and acquitted 7 – Therefore, 12 convicts whose conviction was affirmed came before this Court in appeal – However, the appeals stood abated in so far as two appellants were concerned – Accordingly, the instant two appeals concern 10 convicts:**

**Held:** The case in hand revolves around the evidence of five injured eyewitnesses, and two eyewitnesses to the occurrence – Upon a careful scrutiny of the evidence, this Court finds that the oral testimony of the prosecution witnesses is marred by material inconsistencies and embellishments striking at to the root of the matter – The oral evidence of PW-20, an injured eyewitness, on whose police statement the FIR was registered, would indicate that he had no dispute with the accused persons regarding the settlement of land – The deposition of the PW-20 stands at variance with his fardbeyan – In his oral testimony, the PW-20 admitted that he fell unconscious after the assault and, therefore, was unable to name the assailants who had attacked the PWs 3, 6, and 10 respectively – In stark contrast, his fardbeyan categorically records that the PWs 3, 5, 6, and 10 respectively had informed him that forty others, armed with various weapons, had participated in the assault – This contradiction strikes at the root of his credibility – To add to this, the PW-3 deposed that he had never disclosed the names of forty assailants to the PW-20, thereby further undermining the credibility of the witness – The PW-3, an injured eyewitness, in his oral evidence has attributed

overt acts to the accused nos. 12 and 10 respectively – He stated that the accused no. 10 assaulted him with a gandasa on his leg – However, the medical evidence on record indicates not only the absence of any injury on the leg of the witness but also that an injury caused by a gandasa would ordinarily result in an incised wound – Further, there is conflict between the ocular version and the Medical evidence – The PW-5, an injured eye-witness, has in his oral evidence attributed overt acts to the accused nos. 8 and 6 respectively – However, the medical evidence does not support the version of assault as narrated by the witness – The oral testimony of the PW-4 is that he does not say anything about the presence of any of the appellants – On the contrary, he states that there were a large number of persons at the spot, and he was unable to distinguish between the assailants and the spectators – The accused nos. 7, 13, and 14 respectively have been implicated only by the PW-6 – Their presence or participation finds no support from the testimony of any other witness – There is no credible evidence even against the accused no. 17 except an omnibus identification by the PW-20 – This Court holds that the accused nos. 6, 7, 8, 9, 10, 11, 12, 13, and 14 respectively

are entitled to the benefit of doubt – Also, the statement of the PW-20 could not have been treated as the FIR, since the first information about the occurrence had already reached the police prior to its recording of statements at the hospital – It cannot be said that the prosecution has proved its case beyond reasonable doubt – A case attains that standard when all its links are firmly established and recognizable to the eyes of a reasonable person – In the present matter, the prosecution version does not appear to stem from a truthful narration of facts – The oral testimonies of the witnesses neither corroborate each other nor align with the medical records – The various contradictions in the form of material omissions go to the root of the matter, and in such circumstances, it cannot be held that the prosecution has discharged its burden of proof – Thus, the impugned judgment and order to the extent of holding the appellants herein guilty of the offences they were charged with, is set aside. [Paras 65-68, 72, 73, 82, 83, 86, 91]

**Penal Code, 1860 – s.149 – Essentials: Held:** i) There must be an assembly of five or more persons; ii) An offence must be committed by any member of that unlawful assembly; iii) The

offence committed must be in order to attain the common object of that assembly, or iv) The members of the assembly must have the knowledge that the particular offence is likely to be committed in order to attain the common object. [Para 45]

**Penal Code, 1860 – s.149 – First limb and Second limb of the provision: Held:** s.149 of the IPC stipulates that if an offence is committed by any member of an unlawful assembly (of 5 or more persons) in prosecution of the common object (as defined in s.141 of the IPC) of that assembly, or if the members of the assembly knew that the said offence is likely to be committed in prosecution of the said common object, every person who, at the time of committing that offence, was a member of that assembly, will be guilty of that offence – The first limb of the provision envisages the commission of an offence by a member of an unlawful assembly in order to attain the common object of that assembly – Whereas, the second limb of the provision encapsulates knowledge on the part of a member of the unlawful assembly qua the likelihood of such offence being committed in order to attain the common object. [Paras 46, 47]

**Penal Code,** 1860 – **s.**149 – **Expression "in prosecution of the common object": Held:** The expression "in prosecution of the common object" means that the offence committed must be directly connected with the common object of the assembly, or that the act, upon appraisal of the evidence, must appear to have been done with a view to accomplish that common object. [Para 49]

**Penal Code,** 1860 – **s.**149 – **Unlawful assembly – Constructive liability of any member: Held:** s.149 of the IPC makes all the members of an unlawful assembly constructively liable when an offence is committed by any member of such assembly with a view to accomplish the common object of that assembly or the members of the assembly knew that such an offence was likely to be committed – However, such liability can be fastened only upon proof that the act was done in pursuance of a common object – Once the existence of a common object amongst the members of an unlawful assembly is established, it is not imperative to prove that each member committed an overt act – The liability under this provision is attracted once it is certain that an individual had knowledge that the offence

committed was a probable consequence in furtherance of the common object, thereby rendering him a "member" of the unlawful assembly. [Paras 50, 51]

**Penal Code, 1860 – s.149 – When the assembly consisted of some persons who were merely passive onlookers: Held:** While ascertaining this fact, it is of utmost importance to consider whether the assembly consisted of some persons who were merely passive onlookers who had joined the assembly as a matter of idle curiosity, without the knowledge of the common object of the assembly, since such persons cannot be said to be members of the unlawful assembly – Because, the nucleus of s.149 is "common object". [Para 52]

**Penal Code, 1860 – s.149 – Innocent Bystander and Member of an Unlawful Assembly: Held:** Mere presence at the scene does not ipso facto render a person a member of the unlawful assembly, unless it is established that such an accused also shared its common object – A mere bystander, to whom no specific role is attributed, would not fall within the ambit of s.149 of the IPC – The prosecution has to establish, through reasonably direct or indirect

circumstances, that the accused persons shared a common object of the unlawful assembly – The test to determine whether a person is a passive onlooker or an innocent bystander is the same as that applied to ascertain the existence of a common object – The existence of a common object is to be inferred from the circumstances of each case, such as: a) the time and place at which the assembly was formed; b) the conduct and behaviour of its members at or near the scene of the offence; c) the collective conduct of the assembly, as distinct from that of individual members; d) the motive underlying the crime; e) the manner in which the occurrence unfolded; f) the nature of the weapons carried and used; g) the nature, extent, and number of the injuries inflicted, and other relevant considerations. [Para 54]

**Penal Code,** 1860 – **s** 149 – **Cogent and credible material – Careful consideration by the Court: Held:** Where there are general allegations against a large number of persons, the court must remain very careful before convicting all of them on vague or general evidence – Therefore, the courts ought to look for some cogent and credible material that lends assurance

– It is safe to convict only those whose presence is not only consistently established from the stage of FIR, but also to whom overt acts are attributed which are in furtherance of the common object of the unlawful assembly. [Para 61]

**Evidence – Evaluation of the testimony of injured eyewitness: Held:** The testimony of an injured eyewitness is accorded a special status in law because the injuries on the person lends credence to the fact that the witness was present at the scene of the occurrence – The courts lend credence to the testimony of an injured eyewitness, assuming that the witness would not want to let his actual assailant go unpunished – Thus, unless there are cogent grounds for disbelieving the evidence of an eyewitness due to major contradictions and discrepancies, ordinarily, such evidence should be relied upon. [Para 63]

**વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઉપરોક્ત ચુકાદાના પેરા–૫૮ માં શેરે વિરૂદ્ધ ઉત્તર પ્રદેશ રાજ્યનો ચુકાદો કે જે ૧૯૯૧ સપ્લીમેન્ટરી (૨) એસ.સી.સી. પાના નં–૪૩૭ ઉપર પ્રસિદ્ધ થયેલ છે તેમાં ઠરાવેલ સિદ્ધાંતને અનુમોદન આપેલ છે. સદર ચુકાદાના પેરા–૫૮ માં નીચે મુજબ ઠરાવેલ છે:**

**Para 58.** Where allegations are levelled against a large number of persons, the courts must

carefully scrutinize the evidence, more particularly, if the evidence available on record is hazy. In Sherey v. State of U.P., reported in 1991 Supp (2) SCC 437, six eyewitnesses had deposed about the incident, and the complainant had attributed overt acts to nine accused persons. One of the eyewitnesses, therein in his deposition, named further five accused persons who attacked the deceased. Regarding the others, he had mentioned that the accused persons were armed with lathis; no overt act was attributed to anyone. In such circumstances, this Court cautioned saying that the evidence of witnesses should be subjected to a close scrutiny vis-à-vis their former statements. This Court thought it fit to convict only those who were consistently named from the stage of the earliest report. The relevant extract has been reproduced thus:-

"4. We have carefully gone through the evidence. We have no doubt that all the eye-witnesses were present. Nothing significant has been elicited in their cross-examination. However, the eye-witnesses simply named these appellants and identified them. So, the question is whether it is safe to convict all the appellants. In a case of this

nature, the evidence of the witnesses has to be subjected to a close scrutiny in the light of their former statements. The earliest report namely the FIR has to be examined carefully. No doubt in their present deposition they have described the arms carried by the respective accused but we have to see the version given in the earliest report. In that report PW 1 after mentioning about the earlier proceedings has given a fairly detailed account of the present occurrence. He has mentioned the names of the witnesses and also the names of the three deceased persons. Then he proceeded to give a long list of names of the accused and it is generally stated that all of them were exhorting and surrounded the PWs and the other Hindus and attacked them. But to some extent specific overt acts are attributed to appellants 1, 4, 5, 7, 8, 10, 17, 22 and 25. It is mentioned therein that these nine accused were armed with deadly weapons and were seen assaulting the deceased Ram Narain and others. Now in the present deposition he improved his version and stated that in addition to these nine accused, five more persons also attacked the deceased and others. In view of this variation we think that it is safe to convict only such of the appellants who are consistently mentioned as having participated in the attack

from the stage of earliest report. With regards the rest PW 1 mentioned in an omnibus way that they were armed with lathis. He did not attribute any overt act to any one of them. Further, the medical evidence rules out any lathis having been used. The doctor found only incised injuries on the dead bodies and on the injured PWs. Therefore, it is difficult to accept the prosecution case that the other appellants were members of the unlawful assembly with the object of committing the offences with which they are charged. We feel it is highly unsafe to apply Section 149 IPC and make everyone of them constructively liable. But so far as the above nine accused are concerned the prosecution version is consistent namely that they were armed with lethal weapons like swords and axes and attacked the deceased and others. This strong circumstance against them establishes their presence as well as their membership of the unlawful assembly.[...]" (Emphasis supplied)

ઉપરોક્ત ચુકાદાના માર્ગદર્શક સિદ્ધાંતો ધ્યાને લઈ ઠરાવું છું કે જે આરોપીઓ સામે બે કે વધુ વિશ્વસનીય સાહેદોનો સ્પષ્ટ પુરાવો તેમના વર્તન તેમજ ગુના વખતે તેમના દ્વારા ભજવેલ ભાગ કે જેના આક્ષેપો કોર્ટ સમક્ષની જુબાનીમાં સ્પષ્ટપણે થયેલ હોય તેમની સામે ગુનો સાબિત માની શકાય, માત્ર તેમની સ્થળ ઉપરની હાજરી તેઓને પેસિવઓનલુકર એટલે કે સ્થળ ઉપર

એકત્રિત થયેલ વ્યક્તિઓ તરીકે જણાય તો તેઓને શંકાનો લાભ આપી શકાય તેમ છે.

**૨૧.** સૌ પ્રથમ ચોક્કસ કયા આરોપીએ કયું કૃત્ય કરેલ છે તેની છણાવટ કરવા માટે ફરિયાદમાં કરેલ આક્ષેપો તેમજ સાહેદોની જુબાની દરમિયાન દરેક આરોપીએ ભજવેલ ભાગની સરખામણી કરવી આવશ્યક જણાય છે. કારણ કે આ કામે ફરિયાદી તથા સાહેદોએ કેટલાક આરોપીઓને બાદ કરતા અન્ય આરોપીઓ સામે કોઈ સ્પષ્ટ આક્ષેપ કે ગુનાહિત કૃત્ય તેઓએ કરેલ હોય તેવું અત્રેની અદાલત સમક્ષ જણાવેલ નથી.

આ કામે આંક–૧૬૫ ની ફરિયાદ હકીકતો મુજબ તથા ફરિયાદીના પુરાવા મુજબના આરોપીઓ તથા હથિયારોની માહિતી દર્શાવતું **કોષ્ટક નીચે મુજબ છે.**

| **આરોપીનું નામ** | **ફરિયાદ મુજબ હથિયાર** | **ફરિયાદમાં જણાવેલ કૃત્ય/રોલ** |
|---|---|---|
| ડાયાભાઈ નારણભાઈ તાવીયા | લોખંડનો પાઈપ | ફરિયાદી શિવકુભાઈ ડેલી ખોલતા તેમના માથામાં પાઈપનો ઘા મારેલ. |
| મૂળુભાઈ તાવીયા | — | ઘરનો પાછળનો દરવાજો તોડી અંદર પ્રવેશ કરેલ અને આગજની/તોડફોડ કરેલ. |
| હંસાબેન તાવીયા | — | અન્ય મહિલાઓ સાથે આવી ઘરમાં પ્રવેશ કરી તોડફોડ/આગજની કરેલ. |
| અન્ય પુરુષ અને મહિલા આરોપીઓ (ટોળું) | ધારદાર/બ્લન્ટ હથિયારો | ઘરની ઓફિસ રૂમમાં આગ લગાડેલ તેમજ ઘરમાં તોડફોડ કરેલ. |

| આરોપીનું નામ | જુબાની મુજબ હથિયાર | ફરીયાદી શિવકુભાઈના પુરાવા મુજબ આરોપીનો રોલ |
|---|---|---|
| ડાયાભાઈ નારણભાઈ તાવીયા | લોખંડનો પાઈપ | ઘરની ડેલી ખોલતા જ સાક્ષી શિવકુભાઈને **માથાના ભાગે લોખંડના પાઈપનો સીધો ઘા મારેલ,** જેનાથી ૭ ટાંકા આવેલા. |
| ગોવિંદભાઈ ઉર્ફે મૂળુભાઈ તાવીયા | — | ઘરનો પાછળનો દરવાજો તોડી અંદર પ્રવેશ કરનાર ટોળામાં હાજર દર્શાવેલ. |
| હંસાબેન તાવીયા | — | ઘરના આંગણામાં અને ઓફિસ રૂમમાં આગ લગાડનાર મહિલા આરોપીઓના ટોળામાં હાજર. |
| અન્ય તમામ ૪૨ આરોપીઓ *(લાભુબેન, ભાવુબેન, ચંપાબેન, કૈલાસબેન, દિનેશભાઈ, મહેશભાઈ, કંચનબેન વિગેરે)* | — | સાક્ષીની જુબાની મુજબ **કોઈ ચોક્કસ હથિયાર કે ચોક્કસ ઈજા પહોંચાડ્યાનો ઉલ્લેખ નથી** (માત્ર ટોળામાં હાજરી અથવા ઘૂંઘટના કારણે ઓળખી શકાયા નથી). |

| આરોપીનું નામ | હથિયાર | ઉલટ–તપાસ / ડોક્ટર સમક્ષ દર્શાવેલ રોલ |
|---|---|---|
| **ડાયાભાઈ** | પાઈપ | હોસ્પિટલમાં ડોક્ટર સમક્ષ નામ આપેલ કે |

| **આરોપીનું નામ** | **હથિયાર** | **ઉલટ–તપાસ / ડોક્ટર સમક્ષ દર્શાવેલ રોલ** |
|---|---|---|
| **નારણભાઈ તાવીચા** | | ડાયાભાઈએ માર મારેલ છે. |
| **ગોબરભાઈનો છોકરો** | — | સાક્ષીએ ડોક્ટર સમક્ષ નામ આપેલ, પરંતુ **કેસમાં આ વ્યક્તિ આરોપી તરીકે નથી**. |
| **અન્ય તમામ આરોપીઓ** | — | સાક્ષીએ ડોક્ટર સમક્ષ આમાંથી કોઈનું નામ આપેલ નથી. ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે અન્ય કોઈ સામે ચોક્કસ આક્ષેપ નથી. |

**૨૨.** ફરીયાદપક્ષ દ્વારા **ફરિયાદી શ્રી શિવકુભાઈ મુળુભાઈ ખાચરની** સોગંદ પર તપાસ કરવામાં આવેલ છે. તેમણે સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ કેરાળા ગામે પરિવાર સાથે રહે છે અને ખેતીનો ધંધો કરે છે. બનાવ આશરે સાત વર્ષ પહેલાં સાંજના સાતેક વાગ્યે બનેલો, તે વખતે તેઓ ઘરે તેમના દીકરા રવિરાજ અને મહેન્દ્રભાઈ તથા પત્ની ચંદ્રાબેન અને માતા હિરકુબેન સાથે ઘરે હતા. તે વખતે ઘરની ડેલી બહાર "મારો મારો" એવો અવાજ આવતાં તેમણે ડેલી બંધ કરી દીધેલી અને આરોપીઓ ડાહ્યાભાઈ, મુળુભાઈ, હંસાબેન અને બીજા ઘણા માણસોએ ઘરનો પાછળનો દરવાજો તોડી ઘરની ઓફિસ રૂમમાં આગ લગાડી દીધેલી. તે વખતે તેમણે ડેલી ખોલતાં આરોપી ડાહ્યાભાઈએ તેમને માથામાં પાઈપ મારી દીધેલ જેથી તેઓ પડી ગયેલા અને આરોપીઓએ ઘરમાં તોડફોડ કરેલી. બનાવ વખતે પોલીસ કોન્સ્ટેબલ આવી જતાં તેમને ગઢડા સરકારી દવાખાને લઈ ગયેલા જ્યાં ડોક્ટરશ્રીએ તેમને માથામાં સાત ટાંકા આપેલા અને તેમના માતાને પણ છૂટા પથ્થરના ઘા વાગવાથી ઈજા થયેલી. બનાવના કારણ માટે તેમણે જણાવેલ છે કે, ગામના મોરભાઈ સવશીભાઈને

ચડાવેલ હોય તેવું ગામના લોકોને લાગતું હોવાથી આ બનાવ બનેલો અને તે બાબતે ગઢડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી જે આંક–૧૬૫ થયેલ છે. મુદ્દામાલ આર્ટિકલ માર્ક–બી–૧ વાળો પાઈપ બનાવ વખતે ડાહ્યાભાઈના હાથમાં હતો અને તે ઓળખી બતાવેલ છે અને તમામ પુરુષ આરોપીઓને નામથી ઓળખી બતાવેલ છે.

ઉપરોક્ત ફરિયાદીની આરોપીઓના વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેમણે કબૂલેલ છે કે, મોરભાઈ સાથે તેમને કોઈ વાંધો નહોતો અને મોરભાઈ હાલના કેસમાં આરોપી તરીકે નથી. તેમણે કબૂલેલ છે કે, બનાવ પહેલાં તેમને ડાહ્યાભાઈ સાથે કોઈ તકરાર નહોતી. તેમણે કબૂલેલ છે કે, પોલીસ કોન્સ્ટેબલ આવ્યા બાદ તેમને ૧૦૮ માં દવાખાને લઈ ગયેલા જ્યાં ડોક્ટરશ્રીને ડાહ્યાભાઈના અને ગબરૂભાઈના દીકરાએ મારેલ તેવું લખાવેલ જેમાં ડાહ્યાભાઈનો દીકરો આરોપી નથી. તેઓએ ઉલટતપાસમાં નકારેલ છે કે, મોરભાઈ અને ડાહ્યાભાઈ એકબીજાના સગા થતા નથી. તેઓએ ઉલટતપાસમાં નકારેલ છે કે, ત્યારબાદ તેઓ ડોક્ટરશ્રી પાસે સારવાર માટે ગયેલ નહીં. તેઓએ ઉલટતપાસમાં નકારેલ છે કે, તેમના કુટુંબના બે–ત્રણ જણાના કહ્યા મુજબ પોલીસે ફરિયાદ લખેલ છે. તેઓએ ઉલટતપાસમાં નકારેલ છે કે, ડાહ્યાભાઈ નારાણભાઈએ તેમને કોઈ પાઈપ મારેલ નથી અને ઘરમાં કોઈ નુકસાન થયેલ નથી. તેઓએ ઉલટતપાસમાં નકારેલ છે કે, તેમને કોઈ ઈજાઓ થયેલ નથી અને તેમણે આરોપીઓ વિરૂદ્ધ ખોટી ફરિયાદ કરેલ છે. તેઓએ ઉલટતપાસમાં નકારેલ છે કે, ડાહ્યાભાઈ નારાણભાઈ સાથે રાગદ્વેષ હોવાથી તેમનું ખોટું નામ આપેલ છે તેમજ સોગંદ પર ખોટી હકીકતો જણાવેલ છે.

**૨૩.** આમ સદર ફરિયાદીની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો તેમની જુબાનીમાંથી આંક–૧૬૫ વાળી ફરિયાદ હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે. ફરિયાદીએ આંક–૧૬૫ વાળી ફરિયાદ હકીકતો મુજબનો જ પુરાવો રજૂ રાખેલ છે. ફરિયાદીના પુરાવાઓમાંથી બનાવ સ્થળ બાબતે, બનાવના કારણ બાબતે, બનાવ સમયે કયા આરોપી પાસે કયું હથિયાર હતું અને કયા આરોપીએ કયા હથિયાર વડે શું ઈજા પહોંચાડેલ તેવી સ્પષ્ટપણે હકીકતો જણાવેલ છે.

**ફરિયાદીએ તેમની જુબાનીમાં આરોપી ડાહ્યાભાઈએ સાક્ષીને માથાના ભાગે પાઈપ મારી ઈજા કરેલ હોવાનું સ્પષ્ટપણે જણાવી હથિયારો પણ ઓળખી બતાવેલ છે.** બચાવપક્ષે ઉલટતપાસ કરેલ છે પરંતુ તે સમગ્ર ઉલટતપાસમાં આરોપી ડાહ્યાભાઈ બનાવ સ્થળે હાજર ન હતા કે તેમણે કોઈ હથિયાર ધારણ કરેલ ન હતું કે તેવા કોઈ હથિયારથી ફરિયાદી તેમજ સાક્ષીઓને કોઈ ઈજા કરેલ ન હતી તેવી હકીકતોનું ખંડન થઈ તેવી કોઈ જ હકીકત રેકોર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ સદર ફરિયાદીની સમગ્ર જુબાની તથા રેકોર્ડ પરના પુરાવા ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદી જણાવે છે કે બનાવ સમયે **તેમના બંને દીકરાઓ રવિરાજ તથા મહેન્દ્રભાઈ ઘટનાસ્થળે હાજર હતા અને તેઓ બનાવના નજરે જોનાર સાહેદો હતા. પરંતુ સદર કેસની કાર્યવાહી દરમિયાન ફરિયાદીના આ બંને દીકરાઓ પોતાના અગાઉના નિવેદનથી ફરી ગયેલા છે અને અદાલત દ્વારા તેમને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે.** બનાવના મુખ્ય સમર્થનકારી સાક્ષીઓ જ ફરીયાદપક્ષના કેસને સપોર્ટ કરતા ન હોય, ફરિયાદી માત્ર એકની જુબાની પર સંપૂર્ણ વિશ્વાસ મૂકી શકાય તેમ નથી.

તદુપરાંત, ફરિયાદીએ પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે બનાવ અંગે હોસ્પિટલમાં ડોક્ટર સમક્ષ પ્રાથમિક હિસ્ટ્રી આપતી વખતે તેમણે માત્ર ડાહ્યાભાઈ અને ગોબરભાઈના દીકરાનું નામ આપેલું, જેમાં ડાહ્યાભાઈનો દીકરો આ કેસમાં આરોપી જ નથી. આ સિવાય અન્ય કોઈ આરોપીઓના નામો ડોક્ટર સમક્ષ કે પ્રાથમિક તબક્કે જણાવેલ ન હતા. બનાવ પહેલાં આરોપીઓ સાથે કોઈ અગાઉની તકરાર ન હોવાનું પણ સ્વીકારેલ છે. આમ, બનાવ નજરે જોનાર સાક્ષીઓ (દીકરાઓ) નું હોસ્ટાઈલ થવું, મેડિકલ હિસ્ટ્રી અને ફરિયાદની વિગતો વચ્ચેની ગંભીર વિસંગતતા તથા સ્વતંત્ર સાહેદો અને પંચસાહેદોનું સમર્થન ન મળવાના કારણે પ્રોસિક્યુશન પક્ષ આરોપીઓ સામેનો કેસ શંકાથી પર સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે.

**૨૪.** ફરીયાદ પક્ષે આરોપીઓ સામેના આક્ષેપોના અનુસંધાને ઈજા પામનાર ફરિયાદી શિવકુમાર મુળુભાઈ ખાચરને થયેલ ઈજાઓ તથા તેની

સારવાર બાબતે સારવાર આપનાર સાક્ષી ડો. અખિલેશકુમાર સિંહ રામપતિસિંહને આંક–૯૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, તારીખ ૦૯/૧૧/૨૦૧૮ ના રોજ સી.એચ.સી. ગઢડા ખાતે તેઓ પોતાની ફરજ પર હાજર હતા ત્યારે રાત્રિના ૦૮:૪૫ કલાકે પોલીસ સારવાર અર્થે લાવેલ દર્દી શિવકુમાર મુળુભાઈ ખાચરને તપાસેલા. સદર દર્દીએ તેઓ સમક્ષની હિસ્ટ્રીમાં જણાવેલ કે, "**આજે સાંજના પાંચ વાગ્યે મને ઈજા થયેલ હતી, જેમાં ડાહ્યાભાઈના છોકરા અને ગોબરભાઈ તળશીભાઈના છોકરાઓએ કુહાડીથી મારેલ છે.**"

દર્દીની ઈજાઓ તપાસતા નીચે મુજબની ઈજાઓ થયેલ છે. (૧) કપાયેલો–ચૂંદાયેલો ઘા માથાના વચલા ભાગે (૪ x ૦.૫ સેમી), જેમાંથી લોહી નીકળતું હતું.(૨) માથાના પાછળના ભાગે ગરદનની હેર લાઈનથી ૮ સેમી ઉપર ઉઝરડો, (૩) ડાબા ખભાના પાછળના ભાગે મિડલાઈનથી ૨ સેમી દૂર (૨ x ૧ સેમી) નો ઉઝરડો, તથા (૪) જમણા વાંસાથી જમણા ખભા બાજુ ૭ સેમી લાંબો ઉભો ઘસરકો જણાયેલ હતો. આ ઈજાઓ સાદી હતી અને બોથડ પદાર્થથી થઈ શકે તેમ હતી.

સદર મેડિકલ ઓફિસરશ્રીની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, દર્દીને તેમની પાસે સારવાર અર્થે પોલીસ લાવેલ હતી. તેઓએ એ વાત પણ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, "**હિસ્ટ્રીમાં દર્દીએ કોઈ ચોક્કસ વ્યક્તિનું નામ જણાવેલ ન હતું.**" તેમજ "**હિસ્ટ્રીમાં કઈ વ્યક્તિએ કયા હથિયારથી શરીરના કયા ભાગે હુમલો કરેલ, તેવું પણ જણાવેલ ન હતું.**" દર્દીને થયેલ ઈજાઓ સાદી હતી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, કોઈ વ્યક્તિ મોટરસાઈકલ લઈને પથરાળ રસ્તા પરથી પસાર થતી હોય અને મોટરસાઈકલ પરથી પડી જાય અને તેને ઈજા થાય તો હાલના દર્દીને થયેલ ઈજાઓ જેવી ઈજાઓ સંભવી શકે છે.

**૨૫.** ઉપરોક્ત મેડિકલ ઓફિસરશ્રીની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો, બનાવ સમયે ફરિયાદી/દર્દીએ ડોક્ટર સમક્ષ આપેલી પ્રાથમિક હિસ્ટ્રીમાં આરોપીઓના ચોક્કસ નામો કે કયા આરોપીએ કયા હથિયારથી ઈજા પહોંચાડી તેની કોઈ જ સ્પષ્ટતા કરેલ નથી. તદુપરાંત, મેડિકલ ઓફિસરશ્રીએ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે આવી ઈજાઓ મોટરસાઈકલ પરથી પડી જવાથી પણ થઈ શકે છે. આમ, ફરિયાદીની તબીબી હિસ્ટ્રી અને તેમની કોર્ટ સમક્ષની જુબાની વચ્ચે ગંભીર વિસંગતતા ઉપસ્થિત થાય છે, જેના કારણે ફરીયાદપક્ષના કેસને મેડિકલ પુરાવાથી નિશ્ચિત સમર્થન મળતું નથી.

**૨૬.** સદર કેસના તપાસ કરનાર અમલદારશ્રી હિરાગર રતનગીરી ગૌસ્વામીને આંક-૧૮૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, તા. ૦૯/૧૧/૨૦૧૮ ના રોજ ગઢડા પોલીસ સ્ટેશનમાં ઈનચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ પર હતા ત્યારે સી.એચ.સી. ગઢડા ખાતેથી ફરિયાદી શિવકુમારની ફરિયાદ લખી લઈ જાતે ગુનો દાખલ કરેલ. ત્યારબાદ બનાવ વાળી જગ્યાનું પંચનામું કરેલ, આરોપીઓની અટકાયત તથા હથિયારો કબજે કરવાના પંચનામા કરેલ, બ્લડ સેમ્પલ તથા મુદ્દામાલ એફ.એસ.એલ. માં મોકલવાની કાર્યવાહી કરેલ અને સાક્ષીઓ મહેન્દ્રભાઈ તથા રવિરાજભાઈના નિવેદનો નોંધી સમગ્ર તપાસના અંતે આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ રજૂ કરેલ.

સદર સાક્ષીની આરોપીઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ પોતાની ઉલટતપાસમાં સ્પષ્ટપણે સ્વીકારેલ અને કબૂલેલ છે કે, હાલના ગુનાની ફરિયાદ તેઓએ પોતે લીધેલી, તપાસ પણ તેઓએ કરેલી અને ચાર્જશીટ પણ તેઓએ જ કરેલ છે. તેઓએ વધુમાં કબૂલેલ છે કે, તેઓએ ફરિયાદીનું સારવાર સર્ટિફિકેટ જોયેલું અને સદર સર્ટિફિકેટ મુજબ તેમાં માર મારનારાઓના કોઈ નામો જણાવેલા ન હતા. તે સિવાય તેઓએ એ પણ કબૂલેલ છે કે, તેઓએ આ તપાસના કામે આરોપીઓની

કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી, ફરિયાદીના મકાન બાબતે કોઈ માલિકીનો આધાર પુરાવો લીધેલ નથી અને જાહેરનામાની પ્રસિદ્ધિ અંગે પણ જાતે કોઈ તપાસ કરેલ નથી. બીજી તરફ, ઉલટતપાસમાં તેઓએ એ વાતનો ઈનકાર કરી નકારેલ છે કે ફરિયાદીના કહ્યા મુજબ ફરિયાદ ન લેતા અન્ય લોકોના કહેવા મુજબ ફરિયાદ લખેલી, કે સાક્ષીઓના નિવેદનો જાતે ઊભા કરેલ છે, કે પંચનામા અને મુદ્દામાલની જપ્તી ખોટી રીતે કરેલ છે.

**૨૭.** ઉપરોક્ત જુબાની અને ઉલટતપાસમાં થયેલ સ્વીકારોનું એકંદર મૂલ્યાંકન કરતા સ્પષ્ટ થાય છે કે, ફરિયાદીના તબીબી સારવાર સર્ટિફિકેટમાં માર મારનાર વ્યક્તિઓના કોઈ નામો દર્શાવેલ ન હોવા છતાં, તપાસ કરનાર અમલદારે આરોપીઓની કોઈ ઓળખ પરેડ કરાવવાની તસ્દી લીધેલ નથી, જે તપાસની ગંભીર અને પાયાની ક્ષતિ દર્શાવે છે. વધુમાં, બનાવના મુખ્ય બનાવ નજરે જોનાર સાહેદો એટલે કે ફરીયાદીના દીકરા અદાલતમાં હોસ્ટાઇલ જાહેર થયેલા હોય અને તબીબી પુરાવા તથા જુબાનીઓ વચ્ચે ગંભીર વિસંગતતાઓ ઉભી થતી હોય, આરોપીઓ સામેનો કેસ શંકાથી પર સાબિત થતો નથી.

**૨૮.** ઉપરોક્ત તમામ રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની વિગતવાર ચર્ચા ધ્યાને લેતાં, આ કામના ફરિયાદી પક્ષનો કેસ એવો છે કે, તા. ૦૯/૧૧/૨૦૧૮ ના રોજ સાંજના આશરે પાંચેક વાગ્યાના સુમારે આરોપીઓ કુહાડી, ધારિયા, પાઈપ તથા લાકડીઓ જેવા ઘાતક હથિયારો ધારણ કરી, ગેરકાયદેસર મંડળી રચી, ફરિયાદી શિવકુમાર મુળુભાઈ ખાચરના ઘરે આવી ડેલી તોડી અંદર પ્રવેશ કરી તોડફોડ કરેલ અને આરોપી ડાહ્યાભાઈ નારણભાઈ તાવિયાએ પોતાના હાથમાંના લોખંડના પાઈપ વડે ફરિયાદીના માથામાં ઘા મારી ગંભીર ઈજા પહોંચાડેલ, તેમજ અન્ય આરોપીઓએ ફરિયાદી તથા સાક્ષીઓને ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ઈજાઓ પહોંચાડી, આર્મ્સ એક્ટ અને જાહેરનામાના ભંગ સહિતનો ગુનો આચરેલ હોવાનો આક્ષેપ છે.

**૨૯.** અત્રે એ નોંધવું જરૂરી છે કે, ફરિયાદી પક્ષનો સમગ્ર કેસ જોવામાં આવે તો બનાવ કેરાળા ગામે બનેલ છે. બનાવ અંગે ફરિયાદી શિવકુમાર મુળુભાઈ ખાચર, બનાવના ચક્ષુદર્શી સાક્ષીઓ તથા સારવાર આપનાર મેડિકલ ઓફિસર ડો. અખિલેશકુમાર સિંહ (આંક–૯૪) ની જુબાની વંચાણે લેતાં સૌપ્રથમ જણાઈ આવે છે કે, ફરિયાદી કે અન્ય કોઈ પણ સાક્ષીએ ડોક્ટરશ્રી સમક્ષ મેડિકલ હિસ્ટ્રી આપતી વખતે કોઈ પણ આરોપીનું ચોક્કસ નામ આપેલ નથી. ડોક્ટર સમક્ષની હિસ્ટ્રીમાં માત્ર "ડાહ્યાભાઈના છોકરા તથા ગોબરભાઈ તળશીભાઈના છોકરાઓએ મારેલ" તેવું જ જણાવેલ છે, જ્યારે કેસમાં ડાહ્યાભાઈનો દીકરો આરોપી તરીકે છે જ નહીં. તદુપરાંત, અદાલત સમક્ષની જુબાનીમાં ફરિયાદી જણાવે છે કે ડાહ્યાભાઈએ માથામાં પાઈપ મારેલ, જ્યારે ડોક્ટર સમક્ષની પ્રથમ હિસ્ટ્રીમાં કુહાડી વડે માર માર્યાનું દર્શાવેલ છે. આમ, હથિયાર તથા માર મારનાર આરોપી બાબતે ફરિયાદીની કોર્ટ જુબાની અને તબીબી હિસ્ટ્રી વચ્ચે ગંભીર અને પાયાનો વિરોધાભાસ પ્રવર્તે છે.

**૩૦.** વધુમાં, આ કેસમાં બનાવના મુખ્ય બનાવ નજરે જોનાર સાહેદો ફરિયાદીના પુત્રો રવિરાજભાઈ તથા મહેન્દ્રભાઈને અદાલત સમક્ષ તપાસવામાં આવતાં, તેઓ પોતાના અગાઉના નિવેદનોથી સંપૂર્ણપણે ફરી ગયેલા છે અને અદાલત દ્વારા તેઓને **હોસ્ટાઇલ** જાહેર કરવામાં આવેલ છે. આ બનાવ નજરે જોનાર સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. આ સિવાય, તપાસ કરનાર અમલદાર પો.ઈ. શ્રી હિરાગર રતનગીરી ગૌસ્વામી (આંક–૧૮૦) એ પોતાની ઉલટતપાસમાં સ્પષ્ટ સ્વીકારેલ છે કે મેડિકલ સર્ટિફિકેટમાં માર મારનારાઓના કોઈ નામો ન હોવા છતાં, તેઓએ આ કામના આરોપીઓની કોઈ **ઓળખ પરેડ** કરાવેલ નથી.

**૩૧.** આમ, બનાવ નજરે જોનાર સાહેદોનું હોસ્ટાઇલ થવું, ફરિયાદીની જુબાની અને મેડિકલ હિસ્ટ્રી વચ્ચે હથિયાર તથા આરોપીઓ બાબતે ગંભીર વિસંગતતા હોવી, તબીબી પુરાવાથી ફરિયાદીના કથનને સમર્થન ન મળવું અને તપાસ કરનાર અમલદાર દ્વારા ઓળખ પરેડ ન કરાવવાની અને પંચસાહેદો તમામ હોસ્ટાઈલ હોવા આ તમામ તથ્યો ધ્યાને લેતાં આરોપીઓ સામેના ગુનો શંકાથી પર સાબિત કરવામાં ફરિયાદી પક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે.

**૩૨.** સૌપ્રથમ, આ કામના આરોપીઓ પાસેથી કબ્જે બતાવવામાં આવેલ હથિયારો ફરસી, ધોકો, લાકડીઓ, ધારીયા, કુહાડી વગેરે તથા બનાવ વાળી જગ્યા પરથી મળેલ પતરાનો ટુકડોના એફ.એસ.એલ. રિપોર્ટને વંચાણે લેતાં,એફ.એસ.એલ.દ્વારા સ્પષ્ટ અભિપ્રાય આપવામાં આવેલ છે કે, "કબ્જે કરાયેલા તમામ હથિયારો ઉપર પતરાના ટુકડાને લગતાની કોઈ લોહીની હાજરી મળી આવેલ નથી." આમ, કબ્જે કરેલા હથિયારો અને તોડફોડ થયેલ જગ્યા વચ્ચે કોઈ જ વૈજ્ઞાનિક કે ભૌતિક સંબંધ સાબિત થતો નથી. માત્ર હથિયારો કબ્જે કરવાથી આરોપીઓ સામેનો ગુનો સાબિત થયેલ ગણાય નહીં.

**૩૩.** આ કામમાં ફરિયાદી શિવકુભાઈ મુળુભાઈ ખાચરની અદાલત સમક્ષની જુબાની અને મેડીકલ હિસ્ટ્રી ધ્યાને લેતાં, તબીબ સમક્ષની પ્રથમ હિસ્ટ્રીમાં કોઈ જ ચોક્કસ આરોપીઓના નામો દર્શાવેલ નથી તેમજ હિસ્ટ્રીમાં કુહાડી વડે માર માર્યાનું દર્શાવેલ છે, જ્યારે અદાલતમાં જુબાની આપતી વખતે લોખંડના પાઈપ વડે માર માર્યાનું જણાવેલ છે. આમ, ફરિયાદીના કથનમાં જ ગંભીર વિસંગતતા છે. વધુમાં, આ બનાવના મુખ્ય બનાવ નજરે જોનાર સાહેદો અને ફરિયાદીના પુત્રો રવિરાજભાઈ તથા મહેન્દ્રભાઈ અદાલત સમક્ષ પોતાની જુબાનીમાં સંપૂર્ણપણે ફરી ગયેલા હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. પંચસાહેદો પણ હોસ્ટાઈલ થયેલા છે. વધુમાં, સાહેદ હીરકુબેન પર ઈંટો–પથ્થરોના ઘા કરી કે ફરિયાદી તથા સાહેદોને બેદરકારી/લાપરવાહી કે હથિયારો

વડે ઈજા પહોંચાડી (કલમ–૩૨૩, ૩૩૭) હોવાના આક્ષેપ અંગે મુખ્ય બનાવ નજરે જોનાર સાહેદો રવિરાજભાઈ તથા મહેન્દ્રભાઈ અદાલત સમક્ષ પોતાની જુબાનીમાં સંપૂર્ણપણે ફરી ગયેલા હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. પંચસાહેદો પણ હોસ્ટાઈલ થયેલા છે. તદુપરાંત, આરોપીઓએ અગાઉથી કોઈ કાવતરું ઘડ્યું હોય (૧૨૦–બી) કે ચોક્કસ સ્થળે એકઠા થઈ ગેરકાયદેસર મંડળી રચી હોય (૧૪૩,૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯), કે ઘરને આગી ચાંપી સળગાવી દીધું હોય (૪૩૬), કે મૃત્યુની શિક્ષાને પાત્ર ગુનો કરવા માટે ગેરકાયદેસર પ્રવેશ કર્યો હોય (૪૪૯,૪૫૦) તેવી કોઈ જ કાયદેસરની વિગતો કે પુરાવો રેકોર્ડ પર આવેલ નથી.આ તમામ વિગતો ધ્યાને લેતાં, આરોપીઓ વિરુદ્ધ ઈ.પી.કો. કલમ–૩૦૭, ૩૨૩, ૩૩૭, ૪૩૬, ૪૪૯,૪૫૦, ૧૨૦–બી સાથે વાંચતાં કલમ–૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબનો ગુનો નિઃશંકપણે સાબિત થતો નથી.આમ, બનાવ નજરે જોનાર મુખ્ય સાક્ષીઓ તથા તમામ પંચોનું હોસ્ટાઈલ થવું, ફરિયાદીની જુબાની અને તબીબી હિસ્ટ્રી વચ્ચે હથિયાર તથા માર મારનાર અંગે ગંભીર વિસંગતતા હોવી, એફ.એસ.એલ.ના નેગેટિવ રિપોર્ટથી તોડફોડ કે હથિયારોનો ઉપયોગ સાબિત ન થવો, તપાસ કરનાર અમલદાર દ્વારા ઓળખ પરેડ ન કરાવવી આ તમામ તથ્યો અને સંજોગો ધ્યાને લેતાં, આ કામના તમામ આરોપીઓ સામે મુદ્દા નં. ૧ સાબિત કરવામાં ફરિયાદ પક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે પરિણામે, હું **મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવુ છુ.**

**મુદ્દા નં.૨ઃ–**

**૩૪.** ફરિયાદ પક્ષ દ્વારા આરોપીઓ સામે દર્શાવેલ ઈ.પી.કો. કલમ–૫૦૪ ના આક્ષેપ સંદર્ભે ફરિયાદી તથા ઈજા પામનાર સાક્ષીઓની જુબાની જોતાં, તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં આરોપીઓએ બનાવ સમયે ગાળો બોલેલ હોવાનું સામાન્ય વિધાન કરેલ છે. પરંતુ, આરોપીઓએ કયા ચોક્કસ શબ્દો કહ્યા હતા, કઈ બિભસ્ત ગાળો આપી હતી કે તેવી ગાળો આપવાથી

લોકશાંતિનો ભંગ થાય કે ઉશ્કેરણી થાય તેવું કયું કૃત્ય થયું હતું, તે અંગે કોઈ જ સ્પષ્ટ શબ્દપ્રયોગ કે પુરાવો અદાલત સમક્ષ રજૂ કરી શકેલ નથી. ફરિયાદમાં પણ આવી કોઈ ચોક્કસ વિગતો દર્શાવેલ નથી. આથી, બનાવ સમયે આરોપીઓએ ફરિયાદી કે સાહેદોને બિભસ્ત ગાળો આપી ઉશ્કેરણી કરી હોવાનું કાયદાકીય રીતે શંકા રહિત સાબિત કરવામાં ફરિયાદ પક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે. તેથી આ કામના તમામ આરોપીઓ સામે મુદ્દા નં. ૨ સાબિત કરવામાં ફરિયાદ પક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે. પરિણામે, હું **મુદ્દા નં. ૨ નો જવાબ નકારમાં ઠરાવુ છુ.**

**મુદ્દા નં.૩ઃ–**

**૩૫.** આ કામમાં ફરિયાદ પક્ષ દ્વારા આરોપીઓ સામે ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫ હથિયારબંધીના જાહેરનામાના ભંગ અંગેનો પણ આક્ષેપ મૂકવામાં આવેલ છે. આ સંદર્ભે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા જોતાં, બોટાદ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા ગુજરાત પોલીસ એક્ટની કલમ–૩૭(૧) હેઠળ બહાર પાડવામાં આવેલ હથિયારબંધીનું જાહેરનામું આંક–૧૮૪ થી રજુ થયેલ છે બનાવ સમયે સમગ્ર બોટાદ જિલ્લા માટે અમલમાં હતું તે હકીકત દસ્તાવેજી પુરાવાથી પ્રસ્થાપિત થાય છે. સદર જાહેરનામું કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ જાહેર શાંતિ અને સલામતી માટે ફરજના ભાગરૂપે બહાર પાડવામાં આવેલ હોય, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪(જી) ની જોગવાઈ મુજબ અદાલત તે બાબતનું અનુમાન કરી શકે. આ કામના આરોપીઓએ આ હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી બનાવના સ્થળે અને સમયે હથિયારો ધારણ કરેલા છે કે કેમ? આ બાબતે અદાલત સમક્ષ રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં, બનાવ નજરે જોનાર સાહેદો કે જે ફરિયાદી શિવકુભાઈના પુત્રો રવિરાજભાઈ તથા મહેન્દ્રભાઈ અદાલત સમક્ષ પોતાની જુબાનીમાં સંપૂર્ણપણે ફરી ગયેલા છે અને તેઓને હોસ્ટાઇલ (ફરી ગયેલા) જાહેર કરવામાં આવેલ છે. ફરિયાદી શિવકુભાઈની અદાલત સમક્ષની જુબાની અને તબીબી હિસ્ટ્રી (આંક–૯૫) વચ્ચે હથિયાર તથા માર મારનાર આરોપીઓ બાબતે પાયાનો અને ગંભીર વિરોધાભાસ છે. તદુપરાંત, તમામ પંચસાક્ષીઓ પણ હોસ્ટાઈલ થયેલા છે. વધુમાં,એફ.એસ.એલ.વિભાગના રિપોર્ટ મુજબ કબ્જે કરાયેલાં હથિયારો અને બનાવ

વાળી જગ્યાના નમૂના વચ્ચે કોઈ વૈજ્ઞાનિક કે ભૌતિક સંબંધ સાબિત થતો નથી. તપાસ કરનાર અમલદાર પો.ઈ. શ્રી હિરાગર રતનગીરી ગૌસ્વામીએ પણ સ્વીકારેલ છે કે તેઓએ આરોપીઓની કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. આ કામના આરોપીઓએ બનાવના સ્થળે અને સમયે ગેરકાયદેસર રીતે હથિયારો ધારણ કરી જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ છે તેવું શંકાથી પર સાબિત કરવામાં ફરિયાદ પક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે. જેથી, ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫ અન્વયેના ગુના સંદર્ભેનો **મુદ્દા નં. ૩ નો જવાબ નકારમાં (નકારાત્મક)** ઠરાવવો ન્યાયના હિતમાં ઉચિત જણાય છે.

**મુદ્દા નં.૪:–**

**૩૬.** આ ઠરાવમાં જે ચર્ચા વિચારણા કરી છે તેના અંતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

**૧.** **આ કામના તમામ આરોપીઓને** આંક–૪૬ થી ફરમાવવામાં આવેલ તહોમતનામા મુજબ ઈ.પી.કો.કલમ–૩૦૭, ૩૨૩, ૩૩૭, ૪૩૬, ૪૪૯, ૪૫૦, ૫૦૪ સાથે વાંચતા કલમ ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯,૧૨૦(બી) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હામાંથી સી.આર.પી.સી.કલમ–૨૩૫(૧)અન્વયે વ્યાજબી શંકાના કારણે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ ગુનાને કામે કબજે કરવામાં આવેલ વેલ્યુએબલ મુદામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામા આવે છે અને જો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો જે તે મુદામાલ અંગે યોગ્ય તે ઈન્કવાયરી કરી જે તે મુદામાલ જે તે વ્યક્તિને પરત સોંપવા આથી હુકમ કરવામાં આવે છે. ગુનાના કામે કબજે કરવામાં આવેલ નોન વેલ્યુએબલ મુદામાલનો અપીલ સમય પુરો થયા બાદ કાયદા મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવ છે.

**3.** પ્રત્યેક આરોપીઓએ અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ રૂ. ૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) નો જાત મુચરકો અને તેટલી જ રકમના સધ્ધર જામીન આપવાના રહેશે.

હુકમ આજ રોજ તારીખ– **૩૦મી, માંહે–જુલાઈ, સને –૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી –સંભળાવી જાહેર કર્યો.

તા.**૩૦/૦૭/૨૦૨૬**
બોટાદ

**(એમ.જે.પરાશર)**
સત્ર ન્યાયાધીશ
બોટાદ
જી જે –૦૦૪૬૩

vmk